કામાખ્યદોષવિવરણ

નામના

ગોસ્વામી શ્રીહરિરાયજીકૃત ગ્રંથનું ભાષાન્તર.

વિવેચન સાથે

છપાવી પ્રસિદ્ધ કરનાર.

પારેખ લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ.

તથા

પારેખ ત્રિભુવનદાસ પ્રાણવલ્લભદાસ

અમદાવાદ.

શ્રી "સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસ—પાંચકુવા નવાકસ્બાની.

સંવત ૧૯૬૪ ઇ.સ ૧૯૦૮

કિંમત આના બે.

પ્રસ્તાવના.

જે માર્ગમાં અાનપાનથી ઇન્દ્રિયોનું સારી રીતે પોષણ કરવામાં આવેછે એ માર્ગને પુષ્ટિ માર્ગ કહેછે એમ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ સ્થાપન કરેલા પુષ્ટિમાર્ગનુ સ્વરૂપ નહિ જાણનાર ઘણા લોકો સમજેછે. આ ખોટી સમજ દૂર થવાની ઘણી અગત્ય છે. હજારો વૈષ્ણવો, અને તેમાંના ઘણા વિદ્વાનો, આ માર્ગમાં હોવા છતાં આવી ભૂલ ભરેલી ગેરસમજ આ વીસમીસદ્દીસુધી ચાલે એ ખેદકારક છે. એ ભૂલ ભરેલી ગેરસમજ દૂર કરવાને શ્રી વલ્લભચરિત્રમાં કાંઇક યત્ન કરવામાં આવ્યોછે. એ યત્ન ઘણે ભાગે આચાર્યશ્રીના રચેલા ગ્રંથોને આધારે કરવામાં આવ્યો છે. આચાર્યશ્રીએ સ્થાપન કરેલા માર્ગનો અર્થ એમના અનુયાયીઓ કેવો કરતા એ વાત આ લઘુગ્રંથ ઉપરથી સમજાશે.

આ ગ્રંથમાં શ્રી હરિરાયજીએ સંપૂર્ણ રીતે બતાવ્યું છે કે પુષ્ટિ માર્ગ વિષયાત્મક કે વિષયવર્ધક નથી પણ વિષય છેદક છે. આ પુષ્ટિ ભક્તિ માર્ગનો મૂલ પાયો કામ વાસનાના અભાવ ઉપરજ રચાયેલો છે.

આત્મ નિવેદન અને તેની દ્વારા બ્રહ્મસંબંધ એજ એ માર્ગનું પહેલું પગથિયું છે. વિષય–કામ–ના શત્રુ રૂપ આત્મ નિવેદન ઉપર રચાયલો પુષ્ટિ ભક્તિ માર્ગ એટલે પ્રભુની કૃપા સંપાદન કરવાનો અથવા શ્રીહરિનો અનુગ્રહ પ્રાપ્ત કરવાનો માર્ગ વિષયાત્મક કે વિષયવર્ધક હોવાનો સંભવજ નથી.

એ મૂળ પાયા ઉપર રચાયલી ઇમારતની ભીંતો કાળાંતરે આમ તેમ વાંકી વળી ગઇ હોય તો તે માર્ગના જ્ઞાનરૂપ ઓળંબાથી સાધીને તેને દુરસ્ત કરી તેના ઉપરની ઇમારતને તેના ખરા સ્વરૂપમાં મુકવાની અને બતાવવાની જરૂર છે.

એક વખત શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ આખા ભરતખંડ ઉપર ધર્મ સંબંધી સામ્રાજ્ય મેળવ્યું હતું, અને એમને તમામ આચાર્યો, પંડિતો અને રાજાઓ નમતાહતા. એ વાત આજ પલટાઇ ગઇછે, એટલુંજ નહિ પણ એજ આચાર્યે સ્થાપન કરેલા માર્ગ ઉપર આજકાલ અનેક આક્ષેપો કરવામાં આવેછે એ શોચનીય છે; વધારે શોચનીય વાત એ છે કે આચાર્યશ્રીએ સ્થાપન કરેલા માર્ગનું સ્વરૂપ સમજવાની અને સમજાવવાની ઘણા કાળજી રાખતા નથી. પોતાના સગા વિષે કોઈ ખોટું બોલે તો દરેક મનુષ્યનો મીજાજ જતો રહેછે. તેમ છતાં પોતાના આચાર્ય અને પોતાના ધર્મ વિષે બીજાઓ ખોટું બોલે એ નિરાંતે સાંભળી રહેવું એના જેવું બીજું દુઃખદાઇ કાંઇ નથી. ઘણા વકીલો પોતાના પેટની ખાતર વકીલાત કરેછે અને ઘણા ધુંચવાડ ભરેલા કેસોની હકીકત એકાગ્રતાથી સમજી કૃતેહમંદ રીતે સામાને સમજાવી શકેછે. તેમ છતાં પોતાના આચાર્યની કે પોતાના ધર્મની વકીલાત કરવાને તેઓ તૈયાર થતા નથી એ શોચનીય છે.

આ કામાખ્યદોષવિવરણ નામનો ગ્રંથ ઘણી રીતે ઉપયોગી છે. એક તો પુષ્ટિ માર્ગ વિષે લોકોમાં ખોટી સમજણ ફેલાઇ છે તે કેટલેક દરજ્જે આ ગ્રંથને લીધે દૂર થવાનો સંભવ છે. એટલુંજ નહિ, પણ ગયાં ૪૦-૫૦ વર્ષથી કામની-વિષયની વૃદ્ધિ થવા માંડી છે, તેવા વખતમાં તેની સામે ધર્મ પોતાનો અવાજ ઉઠાવે તો કાંઇ અયોગ્ય નથી.

પહેલાં આપણું જીવન સરલ અને સાદુ હતું. ભોગ સામગ્રી ઘણીજ થોડી અને જુજ ખરચથી પુરી પડે એવી હતી. આજ કાલ જીવન કૃત્રિમ થતું જાય છે અને ભોગ સામગ્રી ફાળો મારતી વધતી જાય છે. એને પાશ્ચિમાત્ય બુદ્ધિએ શોધી કાઢેલા અને પુરા પાડેલા પદાર્થો પુષ્ટિ આપતા જાય છે. મોહથી અંજાઇ જઇને ભોગસામગ્રીના પદાર્થો ધર્મ દૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય છે કે નથી એનો વિ-

થાર કરવાની તકનો પણ લાભ લીધા સિવાય તે ગ્રહણ કરવામાં આવે છે. એકનું જોઇ બીજો તે પ્રમાણે કરે છે. સ્વતંત્રતાના મિષથી આપણે ડગલે ડગલે પરતંત્ર થતા જઇએ છીએ, અને કેદખાનામાં રહ્યા છતાં મુછે મરડતા જઇએ છીએ. હાથે રસોઇ કરવાનો હુન્નર ખોઇ બેઠા છીએ. થોડું ઘણું વૈદકનું જ્ઞાન હતું તે ગુમાવ્યું છે. સહન કરવાની શક્તિ ઓછી થતી જાય છે. સહેજ તાવ કે ઉધરસની વખતે દાકતરની સહાય વગર ચાલતું નથી. દેખાદેખી ખાનપાનની આદત વધતી જાય છે, કપડાંની સંખ્યા વધી ગઇ છે, એ રીતે અનેક પ્રકારે કામ અને ભોગ વધ્યે છે. એવા સમયમાં આવા ગ્રંથ ઉપયોગી થવાનો સંભવ છે.

આ ગ્રંથ અમે પંડિતશ્રી લાડલેશજી પાસેથી સમજ્યા હતા એ માટે એ પંડિતશ્રીનો અમે ઉપકાર માનીએ છીએ. રા. રા. શાસ્ત્રી મગનલાલ ગણપતરામે આ ગ્રંથ અમને સુધારી આપ્યો છે એ બાતે એમનો પણ અમે આભાર માનીએ છીએ.

નડીઆદ તા.: ૧-૩-૦૮

લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ પારેખ.

ત્રિભુવનદાસ પ્રાણવલ્લભદાસ પારેખ.

ગોસ્વામી શ્રી હરિરાયજીનું જીવનચરિત્ર.

પ્રમાણ્યદોષવિવરણ નામના ગ્રંથના અને બીજા અનેક લઘુ ગ્રંથોના રચનાર શ્રીમદ્ ગોસ્વામી શ્રીહરિરાયજી શ્રીકલ્યાણરાયજીના જ્યેષ્ઠ પુત્ર હતા. એમનાપિતા શ્રીકલ્યાણરાયજી એ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઇજી) ના દ્વિતીય પુત્ર શ્રીગોવિંદરાયજીના પુત્ર હતા. શ્રીહરિરાયજીનો જન્મ સંવત ૧૬૪૭ના ભાદ્ર પદ વદ ૫ના રોજ થયો હતો. એમના નાનાભાઇનું નામ શ્રીગોપેશ્વરજી હતુ. શ્રીહરિરાયજીને શ્રીગુસાંઇજીના ચોથા પુત્ર શ્રીવલ્લભ અથવા શ્રીગોકુળનાથજીનું પ્રપ્રસંબંધ હતું.

શ્રીહરિરાયજીના જીવનચરિત્ર વિષે ઘણી હકીકત હાલ જાણવામાં નથી. પરંતુ એમણે ૩૦૦થી ૫૦૦ સુધી લઘુગ્રંથો રચ્યા છે એ વાત સ્પષ્ટ રીતે જણાઇ આવેછે. એ લઘુગ્રંથો ઉપરાંત એમણે વાદના ગ્રંથો લખ્યાહોય એમજણાય છે. એમના ગ્રંથો ઉપરથી એમ અનુમાન થાયછે કે એમણે પ્રમાણ કરતાં પ્રમેય ઉપર ઘણો ભાર મુકયો છે. દૈન્ય અને શ્રીનિજાચાર્ય ઉપર સંપૂર્ણ આસક્તિ એ એમના લઘુગ્રંથોનુ લક્ષણ છે. એમના ગ્રંથો પૈકી કેટલાકને છેડે એમણે પોતાનું નામ હરિદાસ લખ્યું છે. એમના તમામ ગ્રંથો શ્રીઆચાર્યજીમહાપ્રભુજીના ગ્રંથો ઉપર વિવરણ રૂપે છે. એમના લઘુગ્રંથો પૈકી ૧૧૪ ગ્રંથો બૃહત્સ્તોત્ર સરિત્સાગરના દ્વિતીય ભાગમાં છપાયા છે, અને બીજાતો હજુ અપ્રસિદ્ધજ છે. એ તમામ ગ્રંથો ઉપયોગી છે. એ પૈકી થોડાનાં નામ વાંચનારના ઉપયોગને માટે અમે નીચે આપીએછીએ.

जन्म वैफल्यनिरूपणाष्टकम्, दैन्याष्टकम्, विज्ञप्ति, पुष्टिमार्ग लक्षणानि, स्वमार्ग मूल रुप निरुपणं, सर्वात्म भाव निरूपणम्, भक्तानां दुःसंग विज्ञान प्रकार निरुपणं,

વગેરે.

શ્રી હરિરાયજીએ શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠકોની સારી સંભાળ લીધી હતી એમ જણાય છે, તે કારણથી કેટલીક બેઠકોની સાથે શ્રી આચાર્યજીના નામની સાથે એમનું નામ પણ જોડાયલું સાંભળવામાં આવેછે.

શ્રી આચાર્યજીમહાપ્રભુજીએ શ્રીમદ્‌ભાગવતના ૩ જાસ્કંધના ૧૪ મા શ્લોકની સુબોધિની ટીકામાં લખ્યું છે કે.

कामेन क्रोध लोभाभ्याम् कर्म मार्गादि नाशनम् ॥

ભાવાર્થ—કામ, ક્રોધ અને લોભએ, કર્મ, જ્ઞાન અને ભક્તિ માર્ગોનો નાશ કરવાવાળા છે.

નિબંધ નામના ગ્રંથમાં પણ લખ્યું છે કે

इन्द्रियाश्व विनिग्राह इ०

ભાવાર્થ–ઇન્દ્રિયોના અશ્વને રોકવા.

એ રીતે અનેક સ્થળમાં આચાર્ય શ્રીએ કામ અને ક્રોધ વિગેરે ઉપર લખ્યુંછે. આ કામાખ્યદોષવિવરણ નામનો ગ્રંથ એ લખાણોના વિવરણ રૂપ છે.

श्रीकृष्णाय नमः

॥ अथ कामाख्यदोषविवरणम् ॥

दोषेषु प्रथमः कामो विविच्य बिनिरुप्यते ॥
यस्मिन्नुत्पद्यते तस्य नाशकः सर्वथा मतः ॥ १ ॥

અર્થ—(સર્વ પ્રકારના) દોષોમાં કામ એ પ્રથમ દોષ છે. તેનું વિવેચન કરીને પૂર્ણ રીતે નિરૂપણ કરવામાં આવેછે. એ દોષ જેમાં ઉત્પન્ન થાયછે તેનો તે નાશ કરેછે એમ સર્વ પ્રકારે માનવામાં આવેલું છે.

વિવેચન—કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, એમ અનેક દોષો છે તેમાં કામ એ પ્રથમ દોષ કહેવાયછે.

કામ શબ્દનો યૌગિક અર્થ ઇચ્છા છે. તે સ્ત્રીના સમાગમની ઉત્કટ ઇચ્છા, વ્યભિચાર વગેરે ૩૬ અર્થમાં વપરાય છે. આ આખો ગ્રંથ વાંચતાં માલમ પડે છે કે એમાં કામ એ શબ્દ સ્ત્રીના સમાગમની ઉત્કટ ઇચ્છા, વ્યભિચાર તેમજ બીજા વિષયોની ઇચ્છા વગેરે અર્થમાં વાપરવામાં આવ્યો છે.

આ ગ્રંથનું નામ "કામાખ્યદોષવિવરણ" છે. વિવરણ એટલે ટીકા, ખુલાસો, વિશેષ રીતે કરવામાં આવેલું વર્ણન. એ ઉપરથી જણાશે કે જે દોષ કામના નામથી ઓળખાયછે તે દોષથી ઉત્પન્ન થતા પરિણામોનું આ ગ્રંથમાં સંપૂર્ણ રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

કામને મૂલમાં પ્રથમ દોષ એટલા માટે કહેલો છે કે તેનો જન્મ ક્રોધ, લોભ, મોહ વગેરે તેનાં ભાંડુઓના પેહેલો થાય છે. ગીતાજીમાં કહ્યું છે કેઃ—

વિષયોનું ધ્યાન કરનાર પુરૂષને તે વિષયોમાં સંગ ઉપજે છે. સંગને લીધે તે વિષયો પ્રાપ્ત કરવાની કામના (કામ) અથવા ઇચ્છા ઉત્પન્ન થાય છે. એ કામ અથવા ઇચ્છા ફલિભૂત કરવાના કામમાં જે વિઘ્નરૂપ માલમ પડે છે તેના ઉપર ક્રોધ ઉત્પન્ન થાયછે. ક્રોધ ઉત્પન્ન થતાં કાર્યાકાર્યનો વિવેક જતો રહેછે અને તેથી સંમોહ થાયછે. મોહ પેદા થતાં શાસ્ત્રોનો કરેલા ઉપદેશની સ્મૃતિ (યાદદાસ્ત) નો નાશ થાયછે, અને ધર્માધર્મ બતાવનાર સ્મૃતિનો નાશ થતાં, સદ્‌બુદ્ધિનો નાશ થાય છે. અને બુદ્ધિનો નાશ થતાં જેની અંદર કામ ઉત્પન્ન થયો હોય તેનો નાશ થાય છે. એટલા માટે મૂળમાં કામને નાશક કહેલો છે.

કામ એ રજો ગુણમાંથી ઉત્પન્ન થાય છે. તે ઉપર બતાવ્યા પ્રમાણે બુદ્ધિનો એટલે જ્ઞાનનો નાશ કરેછે. માટેજ ભગવાન ગીતાજી માં કહે છે કેઃ—

तस्मात्त्वमिंद्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहिह्येनं ज्ञान विज्ञाननाशनम् ॥

૩ ગી–૪૧

અર્થઃ–હે ભરત કુળમાં શ્રેષ્ઠ અર્જુન ! એટલા માટે તું પ્રથમ ઇન્દ્રિયોને નિયમમાં લાવીને સર્વ પાપના મૂળ ભૂત અને જ્ઞાનનો નાશ કરનાર આ (કામ) ને નિશ્ચય હણ.

विषयावेश हेतुत्वाद्विक्षेपोत्पत्ति कारणम् ॥
रजो गुण समुत्पन्नो रजः प्रक्षेपको मुखे ॥ २ ॥

અર્થઃ–તેનું (કામનું) મૂલ વિષયાવેશ હોવાથી તે વિક્ષેપની ઉત્પત્તિનું કારણ છે. તે રજોગુણમાંથી ઉત્પન્ન થયો છે, અને મોંમાં ધૂળ નંખાવેછે.

વિવેચન—જે મનુષ્ય વિષયોનું ચિંતન કરે છે તેનાં મનમાં તે વિષય પ્રાપ્ત કરવાની ઇચ્છા થાયછે, માટે કામનું મૂળ વિષયાવેશ છે એમ કહેવામાં આવ્યું છે.

જે વસ્તુ સારી લાગે તે પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થાય તેને વિષયાવેશ કહે છે. મન જ્યારે અમુક વિષય ઉપર વળે ત્યારે એ કરતાં વધારે સારી વસ્તુ ઉપર જેવી રીતે તે ખેંચાય જોઇએ તેવી રીતે ન ચોંટે એ દેખીતુજ છે.

વિક્ષેપ એટલે ચિત્તની અસ્થિરતા, અને તેથી ઉત્પન્ન થતાં વિઘ્ન, પ્રતિબંધ વગેરે; અમુક પદાર્થોની પ્રાપ્તિની ઇચ્છા ઉત્પન્ન થતાં તે ઇચ્છા ભગવત્કાર્યમાં વિઘ્નરૂપ નિવડે એને વિક્ષેપ કહેવામાં આવે છે.

સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે. તે જગતમાં સર્વત્ર ઠેકાણે વ્યાપી રહેલા છે. એ ગુણો દેહમાં રહેલા અવ્યય જીવાત્માને બંધન કરે છે (૧૪ ગી. ૫) એ ગુણો પૈકી સત્ત્વ ગુણ નિર્મળ, પ્રકાશક, અને દુઃખથી રહિત હોવાથી જીવાત્માને સુખ અને જ્ઞાનના સંગ વડે બંધન કરે છે. (૧૪ગી. ૬) આ દેહમાં સર્વ ઇન્દ્રિયોમાં જ્યારે જ્ઞાનરૂપ પ્રકાશ ઉત્પન્ન થાય છે ત્યારે સત્ત્વ ગુણ વિશેષ વધેલો છે એમ જાણવું. (૧૪ગી. ૧૧). મરણ સમયે જેનામાં સત્ત્વ ગુણની વૃદ્ધિ થઇ હોય તે ઉત્તમ લોકને પ્રાપ્ત થાય છે. (૧૪ગી. ૧૪) સાત્વિક કર્મનું ફળ સાત્વિક અને નિર્મળ છે (૧૪.ગી. ૧૬). સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાયછે (૧૪.ગી. ૧૭). સત્વ ગુણવાળો ઉપરના લોકને પામે છે (૧૪ગી. ૧૮).

રજોગુણ તૃષ્ણા અને સંગની ઉત્પત્તિ કરે છે. તે રાગરૂપ છે. તે જીવાત્માને કર્મના સંગવડે બંધન કરે છે. (૧૪ ગી. ૭) રજો ગુણ કર્મમાં જોડે છે. (૧૪ ગી. ૯) રજોગુણની વિશેષ વૃદ્ધિ થયે લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરંભ, અશાંતિ, અને ઇચ્છા ઉત્પન્ન થાયછે, (૧૪ ગી. ૧૨) મરતી વખતે જેનામાં રજોગુણની વૃદ્ધિ થયેલી જોવામાં આવતી હોય તે મનુષ્યલોકમાં જન્મ પામેછે. (૧૪ ગી. ૧૫) રાજસ કર્મનું ફળ

દુઃખરૂપ હોય છે (૧૪ ગી. ૧૬). રજોગુણથી લોભજ ઉત્પન્ન થાય છે (૧૪ ગી. ૧૭).

તમોગુણ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. તે સર્વ પ્રાણીઓમાં મોહ ઉત્પન્ન કરી પ્રમાદ, આળસ અને નિદ્રાવડે તેમને બંધન કરે છે (૧૪ ગી. ૮). તમોગુણ જ્ઞાનને ઢાંકી દઇને પ્રમાદમાંજ જોડે છે. (૧૪ ગી. ૯). તમોગુણની વિશેષ વૃદ્ધિ થયે અપ્રકાશ, અપ્રવૃત્તિ, પ્રમાદ, અને મોહ ઉત્પન્ન થાય છે. (૧૪ ગી. ૧૩). મરતી વખતે જેનામાં તમોગુણની વૃદ્ધિ થયેલી જણાતી હોય તે મૂઢ યોનિમાં જન્મ પામે છે. (૧૪ ગી. ૧૫). તામસકર્મનું ફળ અજ્ઞાન છે (૧૪ ગી. ૧૫). તમોગુણથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન ઉત્પન્ન થાય છે. (૧૪ ગી. ૧૭). તમોગુણની વૃત્તિમાં રહેલાં પ્રાણીઓ નીચ ગતિને પામે છે. (૧૪ ગી. ૧૮) કામના સંબંધમાં રજોગુણ ઇચ્છા અને અશાન્તિ ઉત્પન્ન કરે છે. એ અશાન્તિને લીધે સુખનો પ્રાદુર્ભાવ થતો નથી એટલુંજ નહિ પણ તે અનેક અયોગ્ય કર્મ કરાવે છે. અયોગ્ય કર્મ કરવાથી આખરૂ ઓછી થાય છે માટેજ રજોગુણને સુખમાં ધૂળ નંખાવનાર કહેલો છે.

॥ ब्रह्मावेश विरोधी च सद्बुद्धेर्बाधको मतः ॥

॥ सत्कर्म नाशकः सर्व प्राकृता सक्ति साधकः ॥ ३ ॥

અર્થ:-(કામ) એ બ્રહ્મના આવેશનો શત્રુ છે, અને તે સદ્બુદ્ધિની સ્ફુરણા થવામાં બાધકરૂપ માનવામાં આવે છે. તે સત્કર્મોનો નાશ કરે છે, અને સર્વ પ્રાકૃત લૌકિકઆસક્તિને ઉત્તેજન આપે છે.

વિવેચન—જેટલે દરજ્જે લૌકિક વિષયોમાં મન પરોવાયેલું રહે તેટલે દરજ્જે અલૌકિક વિષય—બ્રહ્મ અથવા ભગવાન–માં મન નાંજ રહે એ દેખીતું છે. કામનો વિષય લૌકિક પદાર્થ હોવાથી અને તે લૌકિક પદાર્થમાં મન વારંવાર ગુંથાયલું રહેવાથી ભગવાનમાં મન રહેજ નહિ. એટલા માટે કામને ભગવાનના આવેશનો શત્રુ અથવા વિરોધી ગણેલો છે. શ્રીમદાચાર્ય–

અસ્તુ પણ 'સંન્યાસનિર્ણય' નામના ગ્રંથમાં કહે છે કે [illegible] ક્રાંતચેતસાં નાવેશઃ સર્વદા હરેઃ અર્થાત્ જેઓના ચિત્તમાં નિત્ય વ્યાપી ગયો છે તેઓને શ્રી હરિનો આવેશ થવાનો બીલકુલ સંભવ નથી.

કામી પુરૂષને સદ્બુદ્ધિ પણ હોતી નથી. કામાવેશ એ રાજસગુણનું કાર્ય હોવાથી જે સદ્બુદ્ધિની નિર્ગુણભક્તિ કે-સેવામાં જરૂર છે તે સદ્બુદ્ધિને કામાવેશ પ્રતિબંધરૂપ નિવડે છે. સદ્બુદ્ધિના અભાવે કામી પુરૂષ સત્કર્મનો નાશ કરનાર નીવડે છે. સત્કર્મ એટલે હરિ સેવા. પ્રભુને પ્રસન્ન કરે એવાં કર્મો, પ્રભુ પરાયણ કર્મો. કામી પુરૂષોથી આવાં કર્મો થઈ શકતાં નથી, તેથી તેમને એવાં કર્મોનો નાશ કરનાર કહેલા છે.

પુષ્ટિ સૃષ્ટિનું પ્રાકટય ભક્તિપ્રચારાર્થ છે. પ્રાકૃતઆસક્તિ સાધવાને નથી. કામથી તો પ્રાકૃતઆસક્તિ સાધવાનું મન થાય છે, એટલે અપ્રાકૃત ભગવદ્આસક્તિ સિદ્ધ કરવામાં કામ બાધક છે.

આમા શ્લોકમાં સત્ અસત્નો વિવેક બતાવી અસત્ કામ-થી ચિત્તનો રોધ કરી સત્ શ્રી કૃષ્ણમાં ચિત્તને યોજવું એમ તાત્પર્ય છે.

चित्ताशुद्धि निदानत्वात् चिदुत्पत्तौ च बाधकः ॥
भक्ति मार्ग महाद्वेष्टा वैराग्याभाव साधनात् ॥ ४ ॥

અર્થઃ—કામનું મુળ કારણ ચિત્તની અશુદ્ધિ હોવાથી નિરૂપાધિક ચૈતન્યની ઉત્પત્તિમાં તે બાધકરૂપ છે. તે વૈરાગ્યના અભાવનું સાધન હોવાથી ભક્તિમાર્ગનો મહાદ્વેષ્ટા (શત્રુ) છે.

વિવેચન—આ શ્લોકના પૂર્વાર્ધમાં શ્રીકૃષ્ણનું ચિત્ સ્વરૂપ નિરૂપણ કરી કામનું અચિત્ત્વ સ્પષ્ટ કરે છે. પુષ્ટિભક્તિમાં ભગવત્ પ્રાકટયજ પરમ ફળ છે. જેમ કાષ્ઠમંથનથી કાષ્ઠાંતરગત અગ્નિ પ્રકટ થાય છે તેમ વિપ્રયોગાગ્નિદ્વારા ઇંદ્રિયાદિ મંથનથી હૃદયાંતરગત પ્રભુનો પ્રાદુર્ભાવ થાય છે. પ્રભુના પ્રાદુર્ભાવમાં

વિષયોગાગ્નિદ્વારા શુદ્ધ હૃદયની અપેક્ષા છે. કામીનું હૃદય કામથી ચલિત એટલે અશુદ્ધ ચિત્તમાં ચિત્તના અધિષ્ઠાતા વાસુદેવનોજ તિરોભાવ, તો પછી ભગવદ્આવિર્ભાવનો પ્રસંગજ ક્યાં? કામનો જન્મ ચિત્તની અશુદ્ધિમાંથી થાય છે. ચિત્ત શુદ્ધ થવાને માટે ભગવત્કથા-ભગવદ્વાર્તાનું નિત્ય શ્રવણ, મનન વગેરેથી ભગવાનમાં નિત્ય ચિત્ત પરોવાએલું રાખવું. તમામ લૌકિક અલૌકિક કાર્યો ભગવાનને અર્પણ કરવાં, શુદ્ધ મને ભગવાનને અર્પણ કરેલા પદાર્થોનુંજ ભોજનમાં સેવન કરવું, તથા શાન્તિ આદિ સદ્ગુણોનું સેવન વિગરે ક્રિયાઓથીજ ચિત્તની શુદ્ધિ થાય છે. આ ક્રિયાઓ જે નિત્ય કરતો નથી તેનું ચિત્ત અશુદ્ધ રહે છે, અને તેમ થવાથી તેમાં કામ વિગેરે અનેક વિકારો પ્રવેશ કરે છે, તેથી ઉપાધિરહિત શ્રી હરિનું ચિંતન થઇ શકતું નથી.

કામ ને વલવની અપેક્ષા હોવાથી તે વૈરાગ્યનો નાશ કરે છે. "હરિનું પણ દુઃખ હરણ કરવું." એ વૈરાગ્ય-એમ શ્રીમદાચાર્યજી આજ્ઞા કરે છે. પોતાનાજ કામદુઃખમાં બળી મુઓ છે એટલે પોતાનું દુઃખ હરણ કરવાને અસમર્થકામી હરિનું દુઃખ શું હરણ કરવાનો હતો. હરિનું દુઃખ હરણ કરવું એટલે મેધે શ્રી હરિ સેવા કરી તેમ હરિ સેવા કરવી (જુઓ વેણું ગીત). પોતાનું સુખ વિચારે ત્યાં સુધી હરિભક્તિ થઇ શકે નહી માટે કામીને ભક્તિનો દ્વેષિ કહેલો છે.

ભક્તિમાર્ગમાં વૈરાગ્યની આસ જરૂર છે, કેમકે તેમાં તમામ લૌકિક પદાર્થો ઉપરથી ચિત્તને ખેંચી લઇ માત્ર ભગવાન ઉપરજ સ્નેહ કરવાની જરૂર છે-એટલાજ માટે આચાર્ય શ્રી પંચશ્લોકિમાં કહે છે કે:-**अनुकूलस्य संकल्पः प्रतिकूल विसर्जनम्** અર્થાત્-ભગવત્પ્રાપ્તિમાં અનુકૂળવિષયની સારી કલ્પના કરવી, એટલે ભગવત્ સેવામાં સર્વ વસ્તુનો વિનિયોગ કરવો, અને પ્રતિકૂલ વસ્તુનો ત્યાગ કરવો. (વધારે ખુલાસાને માટે શ્રી વલ્લભ-ગ્રન્થ પૃષ્ટ ૧૮૨-૧૮૩ જોવાં).

પૂર્વોક્ત વૈરાગ્ય વિના ભક્તિ સંભવતી નથી; કામીને પૂર્વોક્ત વૈરાગ્ય હોતો નથી એટલે કામીને ભક્તિશત્રુ ગણ્યો છે. કામીનું મલિન ચિત્ત વિષયમાં હોય છે એટલે તેનાથી હરિ-સેવા બનતી નથી. અન્યસ્થળે શ્રી હરિરાયજી કહે છે કે:—

चित्तदोषेकथं सेवा चेतस्तत्प्रवणं भवेत् ॥

શિક્ષાપત્ર ૩૦-૧૩

અર્થ:—ચિત્તમાં દોષ હોય ત્યાં તત્પ્રવણ ચિત્તરૂપ સેવા કેવીરીતે હોય. અર્થાત્ જ્યાં સુધી ચિત્તની શુદ્ધિ થઇ નથી, અને કામ ક્રોધાદિ તેમાંથી ખસ્યાં નથી ત્યાં સુધી ભગવાનમાં ચિત્તપ્રવે-વણારૂપ સેવા બનીશકતી નથી.

सर्वत्रापरितोषश्चानेन लोभ समुद्भवात् ॥
यथाकथंचित्सां मुख्येंद्रिय वैमुख्यकारकः ॥ ९ ॥

અર્થ:— કામમાંથી લોભની ઉત્પત્તિ થવાથી તે વડે સર્વત્ર અસંતોષ પ્રસરે છે, અને જેમ તેમ કરીને ઇંદ્રિયો ભગવત સ-ન્મુખ થઇ હોય તો એ લોભ ઇંદ્રિયોને ભગવાનથી વિમુખ કરી દે છે.

વિવેચન—મનમાં કામવાસના ઉત્પન્ન થતાં એ વાસનાને સં-તોષવાને દ્રવ્યની જરૂર પડે છે એ જરૂર પુરી પાડવા લોભ ઉ-ત્પન્ન થાય છે.

જેમ કામ મનની સામ્યાવસ્થાનો નાશ કરે છે તેમ લોભ પણ મનની સામ્યાવસ્થાનો નાશ કરે છે. તે કારણથી લોભી મનુષ્યે અમુકવસ્તુ કર્તવ્ય છે કે નહિ એનો વિચાર કરી શકતો નથી.

મનમાં લોભનો ઉદ્ભવ થતાં સર્વત્ર ઠેકાણે અપરિતોષ (અસંતોષ) ફેલાય છે. મનમાં અસંતોષ થતાં મુખ્ય ઇંદ્રિયો મન, ચક્ષુ વગેરે ભગવાનથી વિમુખ થઇ જાય છે. કેમકે લોભી

મનુષ્યને એવી નિરાંત ક્યાંથી હોય કે એ ભગવાન સંબંધી વિચાર કરે, કે ભગવત્કથા વાર્તા વાંચે કે સાંભળે.

પુષ્ટિ ભક્તિમાર્ગમાં તનુજા વિત્તજા સેવા કરવાથી માનસીસેવા સિદ્ધ થાય છે. વૈરાગ્યજ ન હોવાથી તનની કે મનની સેવા ન સંભવે, પણ વિત્તજા સેવા સંભવે એમ કલ્પના કરાય તો તે પણ વ્યર્થ છે. કામમાંથી લોભ પ્રકટ થાય છે. લોભ થયો કે અપરિતોષ થાય છે અને અપરિતોષ થતાં વિત્તજા સેવા કરવામાં પ્રભુનું દ્રવ્ય પ્રભુને સમર્પવામાં ખેદ થાય છે, એટલે યથા–તથા ઇંન્દ્રિય ભગવત્સન્મુખ થઈ હોય તો પાછી વિમુખ થઇ જાય છે.

काम लोभौ हरि प्राप्ति मतिबंधक पर्वतौ ॥
तावुल्लंघ्य न शक्नोति गंतुं कृष्णांतिकं जनः ॥ ६ ॥

અર્થ:—શ્રી હરિની પ્રાપ્તિ થવામાં કામ અને લોભ એ બે પ્રતિબંધ કરનારા પર્વતો છે. તે બે પર્વતોને ઓળંગીને શ્રીકૃષ્ણની સાન્નિધ્યમાં જવાને મનુષ્ય શક્તિવાન થતો નથી. ૬

વિવેચન—ભરતખંડમાંથી તિબેટ જતાં વચમાં હિમાલય પર્વત આવે છે. તે પર્વત ઘણો ઉંચો અને ચઢવાને માટે વિકટ હોવાથી તે ઓળંગી તિબેટમાં જવાનું બની શકતું નથી. એ માર્ગ સહેલાઇથી ઓળંગી જવાય એવો કરવાને માટે સરકાર ઘણા લાંબા વખતથી વિચાર કરે છે તોપણ કાંઇ થઇ શકતું નથી, અને સાધારણ માણસથી તો આ માર્ગે તિબેટમાં જઇ શકાતું નથી. તિબેટ જતાં જો વચમાં એકને બદલે બે પર્વત આવતા હોય તો તે ઓળંગી જવાનું કેવળ અશક્યજ થાય.

શ્રી હરિરાયજી કહે છે કે ભગવત્પ્રાપ્તિના માર્ગમાં કામ અને લોભ એ મહાન્ પર્વતો વચમાં આવે છે. કામ અહંતાવર્ધક છે, અને કામજન્યલોભ મમતાવર્ધક છે. અહંતા અને મમતા એ બંને ભક્તિમાં પ્રતિબંધક છે, એટલે કામીને

ભક્તિમાર્ગ પરવટે નહિ. જેઓને ભગવત્પ્રાપ્તિની ઇચ્છા હોય તેઓએ કામ અને લોભ બંનેને મનમાંથી દૂર કરવા જોઇએ.

જ્યાં સુધી મનમાં કામ અને લોભ રહ્યા હોય ત્યાં સુધી ભગવત્પ્રાપ્તિની આશા કરવી એ કેવળ વ્યર્થ છે.

અન્ય સ્થળે શ્રી હરિરાયજી કહે છે કે:—

कामाविष्टे क्रोध युते संसारासक्ति संयुते ॥
लोभाऽभिभूते सततं धनार्जन परायणे ॥

શિક્ષાપત્ર ૩૨. ૧.

અર્થ:—જે કામથી આવિષ્ટ છે, ક્રોધયુક્ત છે, સંસારમાં આસક્તિ રાખવાવાળો છે; જે નિરંતર ધન ભેળું કરવામાં તત્પર છે (એના હૃદયમાં શ્રી હરિ કદી પણ પ્રવેશ કરતા નથી.)

संसार मोह हेतुत्वात् मनो दूषण साधनम् ॥
अतःसेवा विरोधी च यतः सामानसी मता ॥ ७ ॥

અર્થ—તે (કામ) સંસારમાં મોહ ઉત્પન્ન કરતા હોવાથી મનને દુષણવાળું કરવાનું સાધન થાય છે. અને તેથી કરીને તે ભગવત્સેવામાં વિરોધી છે કેમકે સેવા એ મનનો વિષય માનેલો છે. ૭

વિવેચન—મનમાં કામનો પ્રવેશ થતાં સંસારને વિષે મોહ ઉત્પન્ન થાય છે. મોહ ઉત્પન્ન થતાં મન દુષણવાળું થાય છે, અર્થાત્ તેની નિર્મળતાનો અને તેના ગુણનો નાશ થાય છે. શ્રીમદાચાર્યચરણસિદ્ધાન્તમુક્તાવલિમાં ભગવત્પ્રાપ્તિને માટે સહેલામાં સહેલો ઉપાય સેવા બતાવે છે. **चेतस्तत्प्रवणं सेवा** એટલે શ્રી હરિમાં ચિત્ત પરોવવું એને સેવા કહે છે. જે ચિત્તમાં કામનો પ્રવેશ થયો હોય તે ચિત્ત શ્રી હરિમાં પ્રવેશ કરી શકતું નથી, કેમકે કામે તેમાં પ્રવેશ કરવાની શક્તિ હરી લીધેલી હોય છે. જેના હાથ પગ ભાગેલા હોય તે માણસ જેમ ચાલી કે

કામ કરી શકતો નથી તેમ જે મન કામ, ક્રોધ, મોહાદિથી દુષિત થયેલું હોય તે મન ભગવાનમાં પ્રવેશ કરી શકતું નથી.

સેવા એ માનસીપ્રયોગ છે. શ્રીહરિમાં પ્રવેશ કરવાને દુષિત મન અશક્તિવાન હોવાથી કામ અને તેના અનુયાયીઓને સેવાના વિરોધી કહેવામાં આવ્યા છે.

અન્ય સ્થળે શ્રીહરિરાયજી કહે છે કે

स्मर्त्तव्यः सर्वदा कृष्णो विस्मर्त्तव्यं जगत् पुनः॥
प्रपंचस्मरणे कृष्ण स्मृति र्नवभेवादिति ॥

શિક્ષાપત્ર ૩૦ ૧.

અર્થઃ—સર્વદા શ્રીકૃષ્ણ સ્મરણ કરવા યોગ્ય છે. અને જગત વિસ્મરણ કરવા યોગ્ય છે. જ્યાંસુધી પ્રપંચનું સ્મરણ હોય ત્યાં સુધી શ્રીકૃષ્ણની સ્મૃતિ હોઇ શકે નહિ.

निरोधस्य महाञ्छत्रु रन्य स्फुर्तिं करोयतः ॥
गुण गान सपत्नोऽपि न रोचंते गुणायतः ॥ ८ ॥

અર્થઃ—કામ એ નિરોધનો મહાન શત્રુ છે કેમકે તેનાથી અનેક પ્રકારની વૃત્તિઓનું સ્ફુરણ થાય છે. શ્રી હરિના ગુણ ગાનનો પણ તે શત્રુ છે અને તેથી કરીને તેને (કામીપુરૂષને), શ્રી હરિના ગુણનું ગાન રૂચતું નથી. ૮

વિવેચન. નિરોધલક્ષણ નામના આચાર્યશ્રીએ રચેલા ગ્રંથ ઉપરથી જણાય છે કે (જુઓ પૃષ્ટ ૩૫૪ થી ૩૫૮ શ્રીવલ્લભચરિત્ર) શ્રી હરિના ગુણ ગાવામાં નિરંતર મનને રોકવું અને તમામ જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, મન અને દેહના સર્વ વ્યાપાર ભગવાનપરત્વેજ રાખવા, એનું નામ નિરોધ છે. કામ એ આવા પ્રકારના નિરોધનો શત્રુ છે, કેમકે તેને ભગવાનના ગુણગાનની સ્ફુર્તિ થતી નથી પણ અન્ય વિષયોની સ્ફુર્તિ થાય છે, કામી મનુષ્ય તો નિરંતર પોતાના કામના વિષયનું, તેમાં જોઇતી સા-

મઝી અને સાધનોનુંજ ગાન કરે છે. આવા કનિષ્ટ પ્રકારના ગુણગાનમાં ગુંથાયલું મન શ્રીહરિના ગુણગાનમાં પ્રવેશ કરી શકેજ નહિ. એટલા માટે કામને નિરોધનો મહાન્ શત્રુ કહેલો છે. જેમ ઘણું કરીને પરોણાને પરોણો ન ગમે, જેમ સ્ત્રીને શોકય ન ગમે, જેમ યારને યાર ન ગમે, તેમ કામને પ્રભુના ગુણ ગાનરૂપી નિરોધ ગમતો નથી, અને તેજ કારણથી તેમાં એને રૂચિ ઉત્પન્ન થતી નથી.

નિરોધ એટલે માનસીસેવા, પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ એજ નિરોધ છે. પ્રપંચવિસ્મૃતિ એ નિરોધનું પૂર્વ અંગ છે. કામીને પ્રપંચની વિસ્મૃતિ ન હોય. ભગવદાસક્તિ એ નિરોધનું ઉત્તરઅંગ છે. ગુણગાન વિના ભગવદાસક્તિ થતી નથી. કામી કામ્યપદાર્થના ગુણગાનમાં ઉન્મત્ત હોય છે; તો તે શ્રીહરિનું ગુણગાન કયાંથી કરે ?

वैराग्य साधकाः सर्वे कामिनस्ते कथंमियाः ॥
अत एव हि दृश्यंते गुणश्रवण वैरिणः ॥ ९ ॥

અર્થઃ—ઉપર કહેલા શ્રી ભગવાનના સર્વગુણો વૈરાગ્ય ઉત્પન્ન કરવાના સાધનરૂપ છે, તેથી કરીને શ્રી હરિના ગુણોનું ગાન કામીપુરૂષને કેમ પ્રિય લાગે ? એ પ્રમાણે હોવાથી કામી પુરૂષો ભગવાનના ગુણશ્રવણને વિષે દુષ્મન હોય એવા જણાય છે. ૯

વિવેચન—શ્રીહરિનું ગુણગાન કરવાનો મુખ્ય હેતુ તમામ લૌકિક પદાર્થો ઉપરથી મનને ગસેડી માત્ર શ્રીહરિના ઉપર તેને ચોટાડવું એ છે, એમ કરવાનો ઘણો મહાવરો થવાથી પ્રભુ ઉપર સ્નેહ ઉત્પન્ન થાય છે અને તે સ્નેહ राग विनाशः –રાગને તોડનાર હોવાથી પ્રભુમાં આસક્તિ ઉત્પન્ન કરી गृहारुचिः ઘર (સ્ત્રી પુત્ર વગેરે) ને વિષે અરૂચિ પેંદા કરે છે, અર્થાત્ વૈરાગ્ય ઉત્પન્ન કરે છે, (જુઓ ભક્તિ વર્ધિની શ્લોક ૪)--એ ઉપરથી જણાશે કે પ્રભુના ગુણગાનથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, પરંતુ કામીમનુષ્યનો તમામ મનોવ્યાપાર એ સઘળા લૌકિક પદાર્થો ઉપર પ્રીતિની

વૃદ્ધિ કરવાના હેતુવાળો હોવાથી તે પ્રભુના ગુણશ્રવણનો શત્રુ જોવામાં આવે છે

ઘણી વખત માલમ પડે છે કે કામીમનુષ્યો પણ યાત્રા, દેવ-દર્શન, કથા વગેરેમાં જાય છે, પણ તેમ કરવામાં તેમનો મુખ્ય હેતુ કામને ઉદ્દીપન કરવાનો હોય છે. જ્યાં જ્યાં તેઓ જાય છે ત્યાં ત્યાં તેઓ કામનેજ ભજેછે પણ પ્રભુને ભજતા નથી.

સારાંશ એ છે કે ભગવદ્ગુણગાન કરવામાં આવે તો ભગવાન પ્રપંચ વૈરી હોવાથી વૈરાગ્ય સિદ્ધ કરી દે છે, પણ કામીને તો વૈરાગ્ય વિષતુલ્ય છે માટે કામીને ભગવદ્ગુણ કેમ પ્રિય જોઈ શકે ? તે કારણથી કામીને ગુણ શ્રવણના વૈરી કહેવામાં આવે છે.

क्रोधः स्वकार्य करणाल्लोभः प्राप्त्यापि शाम्यति ॥
घृतहोमे वह्निरिव कामो भोगेन वर्धते ॥ १० ॥

અર્થઃ—પોતે ધારેલું કાર્ય સિદ્ધ થયેથી ક્રોધ શાન્ત થાય છે. ઇચ્છિત પદાર્થ પ્રાપ્ત થયેથી લોભની શાન્તિ થાય છે, પરંતુ ઘી હોમવાથી જેમ અગ્નિ વૃદ્ધિને પામે તેમ કામ ભોગથી વૃદ્ધિને પામે છે. ૧૦

વિવેચન—અમુક માણસ અમુક રીતે વર્તતો ન હોય તે કારણથી આપણને તેના ઉપર ક્રોધ થાય તો તે ક્રોધ તે માણસ આપણા ધાર્યા પ્રમાણે વર્ત્યેથી ઉતરી જાય છે. આપણને અમુક પદાર્થ જોઈતો હોય, અને ક્રોધ માણસ આપણને તે પદાર્થ લેવા દેતો ન હોય તેથી આપણે તેના ઉપર ગુસ્સે થઇએ, પણ એ ગુસ્સો એ પદાર્થ આપણને લેવા દેવાથી ઉતરી જાય છે.

જે કારણથી ક્રોધ ઉત્પન્ન થયો હોય તે કારણ દૂર થતાં ક્રોધની શાન્તિ થાય છે એજ પ્રમાણે લોભનું પણ છે.

એક રાજ્યવાળા બીજા રાજ્ય ઉપર જે લોભ રાખતા હોય તે લોભના કારણરૂપ વસ્તુ પ્રાપ્ત થતાં તે લોભ શાન્ત થાય છે. દૃ-

વ્યની અગ્નિની ઇચ્છા વાળાને દ્રવ્ય પ્રાપ્ત થતાં તે લોભ ઘણે અંશે શાન્ત થાય છે, પણ કામની બાબતમાં તેમ થતું નથી.

અગ્નિમાં ઘી હોમવાથી અગ્નિ વધારેપ્રદીપ્ત થાય છે. તેવીજ રીતે જેમ જેમ કામ તૃપ્ત કરવામાં કે ભોગવવામાં આવે છે તેમ તેમ તે વૃદ્ધિને પામે છે. એ કારણને લીધે લોભ અને ક્રોધના કરતાં કામને પ્રભુપ્રાપ્તિના વિષયમાં વધારે બળવાન શત્રુ ગણવામાં આવે છે.

कामेन नाशित मतिः प्रतिषिद्धे प्रवर्तते ॥
अगम्यागमने चौर्ये तथैवाभक्ष्य भक्षणे ॥ ११ ॥

અર્થ:—કામથી હણાયલી બુદ્ધિ શાસ્ત્રોએ નિષિદ્ધ કરેલા કર્મોમાં, અગમ્યગમન, ચોરી અને અભક્ષ્યભક્ષણમાં પ્રવર્તે છે.

વિવેચન—કામથી બુદ્ધિ શીરીતે હણાઇ જાય છે તે પૂર્વે પહેલા શ્લોક નીચેના વિવેચનમાં સમજાવવામાં આવ્યું છે. એ હણાઇ ગયેલી બુદ્ધિ સારા અને શાસ્ત્રવિહિત કર્મોમાં રૂચિવાળી હોતી નથી, પણ શાસ્ત્રોએ મના કરેલાં કર્મોમાં જોડાય છે. એવી બુદ્ધિવાળો કામીમાણસ મા, બેન, ગુરૂપત્નિ, વિગેરે જેઓની સાથેના સમાગમનો શાસ્ત્રોએ તેમજ ઉત્તમ લૌકિક નીતિવ્યવહારે નિષેધ કરેલો છે તેઓની સાથે સમાગમ કરવાને અટકતો નથી. વળી કામને તૃપ્ત કરવામાં જોઇતાં સાહિત્યો તૈયાર રાખવા માટે પૈસા ન હોય તો, અથવા પાસેના પૈસા ગુમાવી બેઠેલો હોય તો કામીમનુષ્ય ચોરી, લુચ્ચાઇ, ઠગાઇ વગેરે કરવામાં તત્પર રહે છે, અને ભોગ કરવામાં લેંહેજત આવે એવા મિષથી, અથવા વારંવાર ભોગ કરવાથી શરીર ધોવાઇ જતું અટકાવવા માટે ભક્ષણ ન કરવા લાયક પદાર્થોનું પણ ભક્ષણ કરવાને અચકતો નથી. એ પ્રમાણે કામીમાણસ પોતાનું જીવન ગાળે છે.

ભક્તની બુદ્ધિ અપ્રતિષિદ્ધ પદાર્થ તરફ વળે છે. ભગવન્મંદિરાદીજ ભક્તનાં ગંતવ્યસ્થાન છે. ભક્ત ચોર્યાદિ દોષથી

રહિત હોય છે, અને ભગવત્સમર્પિત પદાર્થનું ભક્ષણ કરે છે. કામી ને આ બારે પાલવતાં નથી.

यत उत्पद्यते क्रोधो महद्द्वेष समुद्भवः ॥
लोभोऽपि जायते तस्मात् स चार्थ विषयो भवेत्॥१२॥

અર્થ:—કામમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે, અને તેથી મ્હોટાની સાથે વિરોધ પેંદા થાય છે, કામમાંથી લોભ પણ ઉત્પન્ન થાય છે, અને અર્થ અથવા દ્રવ્ય એ લોભનો વિષય થાય છે.

વિવેચન—કામને લીધે બુદ્ધિ હીન થતાં કામીમાણસ કામના વિષયની યોગ્યાયોગ્યતા તપાસી શકતો નથી, અને તેથી મોટા માણસો સાથે વૈર થાય છે. કેટલીક વખત ચાકર. ખવાસ કે નોકરને શેહાણી, રાણી કે પોતાના અન્નદાતાની સ્ત્રી, દીકરી કે બીજી કોઇ સગી તરફ કામવાસના ઉત્પન્ન થતાં શેઠ, રાજા કે અધિકારી વગેરે સાથે વિરોધ ઉત્પન્ન થાય છે, અને એ વિરોધનું પરિણામ વખતે મોતમાં આવે છે. કામ પૂર્ણ કરવાનાં સાધિત્યો પ્રાપ્ત કરવામાં દ્રવ્ય મદદગાર થઇ પડે છે, તેથી કામમાંથી દ્રવ્ય પ્રાપ્ત કરવા રૂપ લોભની ઉત્પત્તિ થાય છે. યોગ્ય માર્ગે દ્રવ્ય પ્રાપ્ત કરવાનો કામી માણસ અશક્ત હોય છે તેથી તે પ્રાપ્ત કરવાને તે ગમે તેવાં અયોગ્ય કર્મો કરવાને અચકતો નથી.

કામને લીધે મ્હોટા પુરૂષો સાથે વૈર ઉત્પન્ન થયાના હજારો દાખલા પુરાણો અને ઇતિહાસો ઉપરથી મળી આવે છે. એ બાબતનો જથાબંધ પુરાવો ફોજદારી અદાલતોનાં દફતરોમાંથી પણ મળી આવે છે.

દ્રવ્યમાં કેટલા અનર્થ રહેલા છે તે નીચેના શ્લોકથી બતાવવામાં આવે છે.

सोऽर्थः पंचदशानर्थमूलं तत्र प्रवर्तते
कामेनैव हि कार्पण्यं कामिनीषु सतांमतम् ॥१३॥

અર્થ:—તે અર્થ (દ્રવ્ય) પંદર અનર્થના મૂળરૂપ હોવાથી સર્વ અનર્થો કામીપુરૂષમાં પ્રવેશ કરે છે. કામને લીધે કામિનિઓ પરત્વે કામીપુરૂષને દીનતા (કાર્પણ્ય) પ્રાપ્ત થાય છે. એમ મ્હોટા પુરૂષોએ માનેલું છે.

વિવેચન—દ્રવ્યમાં જે પંદર અનર્થ રહેલા છે તે નીચેના શ્લોક ઉપરથી જણાઇ આવે છે.

स्तेयं हिंसानृतं दंभः काम क्रोधः स्मयो मदः ॥
भेदोवैरमविश्वासः संस्पर्धाव्यसनानिच ॥

અર્થ:— સ્તેય (ચોરી), ૨ હિંસા, ૩ અનૃત (જુઠું બોલવું), ૪ દંભ (ઠાળ), ૫ કામ, ૬ ક્રોધ. ૭ સ્મય (ગર્વ) ૮ મદ, ૯ ભેદ, ૧૦ વૈર, ૧૧ અવિશ્વાસ, સંસ્પર્ધા (ઇર્ષ્યા) ૧૩ સ્ત્રી, ૧૪ દ્યુત ૧૫ મદ્ય.

વ્યસનોમાં સ્ત્રી, દ્યુત અને મદ્યનો સમાસ થાય છે.

ઉપર કહેલા પંદર અનર્થો દ્રવ્યમાં રહેલા હોવાથી કામીપુરૂષોમાં એ સર્વ અનર્થો પ્રવેશ કરે છે.

કામીમનુષ્યો જે સ્ત્રીને વિષે આસક્તિવાળા હોય છે તે સ્ત્રીઓ પરત્વે **दासोऽहंतवास्मि** હું તારો દાસ છું એ પ્રમાણે રહે છે. એ કારણથી ઘણી વખત તેઓને સ્ત્રીઓનાં કડવાં વચન સાંભળવાં પડે છે અને, બેસો બેસો, મુરખ છો, તમે શું સમજો, આ હું તો ચાલી, મારે તમારી શી પરવા છે, વગેરે અપમાનકારક વચનો સાંભળવાં પડે છે; કામને લીધે તેઓનામાં એટલી બધી દીનતા, (કાર્પણ્ય) વ્યાપી ગઈ હોય છે કે રખેને મને આ સ્ત્રી છોડી દેશે. એ ભયથી તેઓ એ વચનોનો પરિહાર પણ કરી શકતા નથી. આ પ્રમાણે ઘણી વખત બનેલું છે અને બને છે એમ મ્હોટા પુરૂષો માને છે. પુરાણોમાંથી પણ એના ઘણા દાખલા મળી આવે છે.

કામમાંથી લોભ ઉત્પન્ન થાય છે, અને લોભ અર્થવિષયક

છે એમ પૂર્વે કહેવામાં આવ્યું છે. હવે અર્થના સ્વરૂપનો વિચાર કરતાં નિશ્ચય થાય છે કે અર્થ એજ અનર્થ રૂપ છે.

મોટા મોટા ભગવદીયોનો પણ કામે નાશ કરી નાખ્યો, એ સ્પષ્ટ કરી તેના પ્રાબલ્યનું હવે નિરૂપણ કરવામાં આવે છે.

॥ प्रार्थयंति यतस्तुच्छां प्रवेश्यवदनेकरम्
॥ प्रियव्रतसुतो राजाभ्रष्टः कामेनसत्फलात् ॥ १४ ॥
॥ आग्नीध्रो विषयावेशादुर्वशीलोकमापितः ॥
॥ कामेन कश्यपो दैत्योत्पादने हेतुतांगतः ॥ १५ ॥
॥ निवृत्तसंध्या नियमः पत्निप्रार्थन मोहित ॥
॥ कामेन च शिवः कृष्णयुवती रुपवंचितः ॥ १६ ॥

અર્થ– કામને લીધે કામી લોકો તુચ્છ સ્ત્રીઓના મોંમાં આંગળી ઘાલી તેમની પ્રાર્થના કરે છે. કામને લીધે પ્રિયવૃત્ત રાજાનો દીકરો આગ્નીધ્ર ભગવત્પ્રાપ્તિરૂપ) સત્ફલથી ભ્રષ્ટ થયો હતો અને તેને વિષયાવેશ હોવાથી તે ઉર્વશીના લોકને પામ્યો હતો, કશ્યપ પ્રજાપતિ જે સંધ્યાની ક્રિયાઓથી પરવાર્યા હતા તે પોતાની પત્નીની પ્રાર્થનાથી મોહિત થઇને કામને લીધે દૈત્યોની (હીરણ્યાક્ષ અને હિરણ્યકશિપુની) ઉત્પત્તિના કારણભૂત થયા હતા. તેમજ કામને લીધે શ્રીમહાદેવજી શ્રીકૃષ્ણના મોહિની સ્વરૂપથી મોહ પામીને છેતરાયા હતા.

વિવેચન–કામને લીધે કામી મનુષ્યો દીન થઇ જે તુચ્છ અથવા હલકી સ્ત્રીઓને વિશે તે મોહિત થઇ ગયા હોય તે સ્ત્રીઓની દાઢીએ હાથ ઘાલી તેમની પ્રાર્થના કરે છે; અર્થાત્ તેમને ખુશી રાખવાને પોતે પોતાનાં માન, આબરૂ, પંક્તિ, કર્તવ્ય તમામને ભૂલી જઇ માત્ર તેમની મરજી સાચવવાની ખાતર તેમની ખુશામત કરે છે. કામને અભાવે જે સ્ત્રીઓ બિલકૂલ માન આપવાને પાત્ર ન હોય, જેઓ રૂપ, ગુણ, કે બીજી કોઇ રીતે ઉંચી પંક્તિ ધરાવતી ન હોય, જેઓના હાથનાં કોઇ બે બોર પણ લેવાને રાજી ન હોય એવી હલકી નિર્લજ અને સ્વાર્થી સ્ત્રીઓ પ્રત્યે

કામી મનુષ્યોની આવી ભક્તિ થઇ જાય છે એ વિશેષ ધ્યાનીય છે. આવી સ્ત્રીઓ કામી લોકોની આબરૂને વધારવાને બદલે ડગલે ડગલે ઓછી કરે છે, તેમને હાંસીને પાત્ર બનાવે છે અને ટકાના કરી નાખે છે.

કામની સત્તા માત્ર રેજીપેજી માણસો ઉપર ચાલે છે એમ નથી, પણ તે મહાત્માઓ અને દેવોના ઉપર પણ ચાલે છે એમ બતાવવા શ્રી હરરાયજી પૌરાણીક દૃષ્ટાન્તો આપે છે.

આગ્નીધ્રરાજા—આગ્નીધ્રરાજા પ્રિયવ્રતનો પુત્ર હતો. તે ધર્મ તરફ દૃષ્ટિ રાખીને જંબુદ્વીપની પ્રજાનું પેટની પ્રજા પેઠે પાલન કરતો હતો. તેને કોઇક દિવસે પુત્રની ઇચ્છા થઈ. તેથી તે મંદરાચલની ગુફામાં ગયો અને ત્યાં પ્રજાપતિયોના પતિ ભગવાન બ્રહ્માનું તપશ્ચર્યાવડે આરાધન કરવા મંડયો, એ તપશ્ચર્યા જોઇને બ્રહ્માજીએ પૂર્વચિત્તિ નામની અપ્સરાને તેની પાસે મોકલી. તેના ચરણના આભૂષણનો મનોહર ઝણઝણાટવાળો શબ્દ સાંભળી રાજા આગ્નીધ્રની સમાધિ છુટી ગઈ. તે અપ્સરાની આનંદ આપનારી ચાલ, વિહાર, લજ્જા, વિનયપૂર્વક જોવું, મધુર સ્વરથી ભાષણ કરવું, શરીરના મધુર અવયવો દેખાડવા, આ સર્વથી તે મનુષ્યોના મનમાં કામોત્પત્તિ કરતી હતી. આવી મનોહર અપ્સરાને જોઇ આગ્નીધ્રરાજાએ તેને આધીન થઇ જઈ કહ્યું કેઃ—હું તમોને અનુકૂળ થયો છું માટે તમારૂં મન હોય ત્યાં ભલે મને લેઇ જાઓ અને તમારી સખીઓ પણ મને અનુકૂળ થાઓ તથા હરિણીઓ જમણી તરફ ઉતરો.

બુદ્ધિ, શીલ, રૂપ, તરૂણાવસ્થા, લક્ષ્મી અને ઉદારતાથી જેનું મન આક્ષિપ્ત થયું છે એવી પૂર્વચિત્તિ નામની અપ્સરા તે જંબુદ્વીપના મહા શુરવીર આગ્નીધ્રરાજાની સાથે રહીને હજારો વર્ષ સુધી પૃથ્વી તથા સ્વર્ગના ભોગ ભોગવવા લાગી. રાજા આગ્નીધ્રે એ સ્ત્રીને વિષે નાભિ વગેરે નવ પુત્રો ઉત્પન્ન કર્યા. એ નવ પુત્રોને રાજાનાજ ઘરમાં મુકીદઇ પૂર્વચિત્તિ પાછી બ્રહ્માની

પ્રાપ્તિ થઇ. આગ્નીધ્રરાજા કામનો ઉપભોગ કર્યા છતાં તૃપ્ત થયો નહોતો અને દિન દિન તે અપ્સરાનેજ અધિક માનતો હતો. તેથી તે વેદોક્ત કર્મો કરીને અપ્સરાના લોકમાંજ ગયો. આ કથા શ્રીમદ્ભાગવતના પંચમસ્કંધના બીજા અધ્યાયમાં છે.

બ્રહ્મા રજોગુણી હોવાથી આગ્નીધ્રરાજાને રજોગુણથી ઉત્પન્ન થયેલા કામની પ્રાપ્તિ થઇ. એ વાત ઉપરથી જાણવું જોઇએ કે રજોગુણી બ્રહ્મા કે તમોગુણપ્રધાન રૂદ્રની ઉપાસના ભગવત-પ્રાપ્તિના કાર્યમાં યોગ્ય નથી, પણ નિર્ગુણ શ્રી કૃષ્ણ પરમાત્મા-નીજ ઉપાસના કર્તવ્ય છે.

કશ્યપઋષિની કથા.—કશ્યપઋષિ મરીચિઋષિના પુત્ર હતા. એ પ્રજાપતિઓમાંના એક હતા. એ દક્ષ પ્રજાપતિની ૧૩ દીકરીઓ વેરે પરણ્યા હતા. આ તેર પૈકી દિતિ એ એમની એક સ્ત્રી હતી. એક દિવસે સંતાનની ઇચ્છાવાળાં અને કામથી પીડાયલાં દિતિ યજ્ઞશાળામાં એકાગ્રચિત્તથી બેઠેલા પોતાના ભર્તા કશ્યપની પાસે જઇ કહેવા લાગ્યાં કે હે વિદ્વન્! મદોન્મત્ત હાથી જેમ કેળને બળાત્કારથી પીડે તેમજ આ કામદેવ હાથમાં ધનુષ લેઇ પોતાનું પરાક્રમ પ્રકટ કરીને તમારે માટે અને દીનને બહુજ પીડે છે. માટે હે નાથ, પુત્રવાળી શોકયોની સંપત્તિથી બળી મરતી એવી જે હું તેના ઉપર આપ અનુગ્રહ કરો. અને તમારૂ કલ્યાણ થાઓ. જે સ્ત્રીઓને પતિના તરફથી બહુજ માન મળે છે, તથા તમારા જેવા પતિ જે સ્ત્રીઓમાંથી પ્રજારૂપે ઉત્પન્ન થાય છે તે સ્ત્રીઓનો યશ લોકોમાં ફેલાય છે. માટે મારી કામના પૂર્ણ કરો. આ પ્રમાણે કામની વૃદ્ધિથી મોહિત થયેલી કૃપણ દિતિએ બહુ બહુ કહ્યું એટલે મરીચિના પુત્ર શૂરવીર કશ્યપે તેને કહ્યું કે " હે ભીરૂ સ્ત્રી; તું જે ઇચ્છા રાખે છે, તે ઇચ્છાને હું પૂર્ણ કરીશ. કારણ કે જેનાથી ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થની સિદ્ધિ થાય છે, એવી પોતાની સ્ત્રીની કામના કોણ પૂર્ણ ન કરે. માટે હે ગૃહેશ્વરિ!

પુત્રોત્પત્તિ માટે તારી જે કામના છે તેજ પ્રમાણે લોકો મારી નિંદા નહિ કરે તે પ્રમાણે, હું પૂર્ણ કરીશ. તું બે ઘડી થંભીજા. આ સંધ્યાકાળની વેળા ઘણીજ ભયંકર અને ભયંકર દેખાવવાળી છે, તથા ભયંકર પુરૂષોને ફરવાની છે. આ સમયે શંકરના અનુચર એવા ભૂતો ફરે છે. શંકર પણ આ વેળા બળદ ઉપર બેશીને ફરવા નિકળે છે. માટે થોડીવાર પછી તારી મનકામના સિદ્ધ કરીશ. એ પ્રમાણે કહ્યા છતાં દિતિએ ઘણો આગ્રહ કર્યો. પોતાની સ્ત્રીનો તે નિષિદ્ધ કર્મમાં આગ્રહ જાણીને કશ્યપઋષિએ ભાવિ દેવને પ્રણામ કરી એકાંતમાં દિતિની મનકામના પૂર્ણ કરી. પછી સ્નાન કરી, પ્રાણાયામ કરી, મૌન ધારણ કરી તે ઋષિ શુદ્ધ સત્ત્વમૂર્તિ એવા જ્યોતિર્મય બ્રહ્મનું ધ્યાન કરતા ગાયત્રીનો જપ કરવા લાગ્યા. ત્યાર પછી દિતિ પોતાનાં નિંદિતકર્મથી લજાઇ ગયાં અને પોતાના પતિની પાસે આવી આ પ્રમાણે કહેવા લાગ્યાંઃ—

હે બ્રહ્મન્ ! મેં જેનો અપરાધ કર્યો છે તે રૂદ્રદેવ સર્વ પ્રાણીઓના પતિ છે. તે ભૂતોના સ્વામી મહાદેવ આ મારા ગર્ભનો નાશ કરશો માં. નિર્દય પુરૂષોના ઉપર દયા કરવા યોગ્ય શંકર અમ સ્ત્રી જાતિ ઉપર પ્રસન્ન થાઓ.

સાયંકાળના નિયમને પૂર્ણ કરીને કશ્યપઋષિ બોલ્યા. હે કલ્યાણી ! હે ક્રોધી સ્ત્રી ! તારા મનના અપવિત્રપણાને લીધે, સંધ્યાકાળરૂપી દુષ્ટ સમયને લીધે, મારી આજ્ઞા ઉલ્લંઘન કરવાને લીધે, અને રૂદ્રના સેવકોનો અપરાધ કરવાને લીધે તારા ઉદરમાં અધમ તથા દુષ્ટ બે પુત્ર ઉત્પન્ન થશે અને લોક સહિત આ ત્રણે લોકને વારંવાર દુખી કરશે, અને જ્યારે ઘણો જુલમ થશે ત્યારે ભગવાન અવતાર ધારણ કરી તારા પુત્રોનો નાશ કરશે.

ત્યારે દિતિએ જવાબ આપ્યો કે ભગવાનથી મારા પુત્રોનો નાશ થાય એમ હું ઇચ્છુછું; પરંતુ કોપાયમાન થયેલા બ્રાહ્મણોથી નાશ ન થાઓ.

કશ્યપઋષિ બોલ્યા–હે સ્ત્રી તું ભગવાનનું તથા આજ ઘણું માન રાખે છે, અને અયોગ્ય કર્મનો તને પસ્તાવો થયો છે, તેથી તારા પૌત્રોમાંથી એક પૌત્ર સત્પુરૂષોમાં માન્ય થશે.

એ સાંભળી દિતિ પ્રસન્ન થયાં. તે પછી કેટલેક કાળે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ એ બે દૈત્યોને દિતિએ જન્મ આપ્યો. (૩ ભાગ. અધ્યાય ૧૪ થી ૧૭)

એ પ્રમાણે કામને લીધે કશ્યપઋષિ પણ દૈત્યોની ઉત્પત્તિના કારણભૂત થયા હતા.

શ્રીમહાદેવજી કૃષ્ણના મોહની સ્વરૂપથી મોહ પામ્યા.

શ્રીહરિએ સ્ત્રીના રૂપથી દૈત્યોને મોહિત કરીને દેવતાઓને અમૃત પાયું. આ વાત સાંભળીને જ્યાં ભગવાન બિરાજતા હતા ત્યાં આગળ તેમનું સ્વરૂપ જોવા માટે મહાદેવ પાર્વતી સાથે નંદીશ્વર ઉપર બેસી પોતાના પાર્ષદોથી વિંટળાઇને ગયા. ભગવાને શંકરનો તથા પાર્વતીનો આદર સાથે સત્કાર કર્યો. શંકરે પણ સારી રીતે બેઠા પછી ભગવાનનો સામો સત્કાર કર્યો, અને મંદમંદ હસતાં નિચે પ્રમાણે કહ્યું.

શ્રી મહાદેવજી કહે છે. હે દેવના દેવ! હે જગત વ્યાપક! હે જગતના સ્વામિ ! હે જગન્મય ! તમે સર્વ પદાર્થોના આત્મારૂપ છો, કારણરૂપ છો, અને ઇશ્વર છો. જગતમાં આદિ, અંત અને મધ્ય નથી. તથા દૃશ્ય–દ્રષ્ટા અને ભોગ્ય–ભોક્તા જેનાથી જુદાં નથી તે સત્ય અને ચૈતન્યઘન પરબ્રહ્મ આપ છો. મોક્ષની ઇચ્છાવાળા મુનિઓ નિષ્કામ થઇને આ લોકની તથા પરલોકની આસક્તિ છોડી તમારાંજ ચરણારવિંદની ઉપાસના કરે છે. તમે પરિપૂર્ણ છો. સર્વ સુખરૂપછો, ગુણ રહિતછો તેથી શોક વિનાના છો અને તેથીજ વિકાર વિનાના છો, આનંદસ્વરૂપ છો, સર્વ સ્વરૂપ છો, અને સર્વથી ભિન્ન એવા પરબ્રહ્મ છો, તથાપિ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારા છો. જીવોને જુદાં જુદાં ફળ આપનારા છો. તમારે કોઇની પણ અપેક્ષા નથી. પરંતુ જીવોને

તમારી અપેક્ષા છે; માટે તમારું જે ઐશ્વર્ય છે તે ભક્તોના અનુગ્રહને માટે છે પણ તમારે પોતાને માટે નથી. કુંડળ, કડાંના આકારમાં બનેલું સોનું તથા વિશેષ આકાર વિનાનું સોનું એ બન્ને જેમ એકજ છે તેમજ કાર્ય-કારણરૂપ દ્વૈત તથા તેનું પરમ કારણ તમે એકજ છો. ગુણોવડે અનેક લીલા કરનારા આપના બીજા અવતારો મેં જોયા છે. હવે આપે જે મોહિની સ્વરૂપ ધર્યું હતું તે સ્વરૂપ જોવાની ઇચ્છાથી અમે આવ્યા છીએ, કારણ કે અમને તે સ્વરૂપ જોવાની અત્યંત ઉત્કંઠા છે.

આ પ્રમાણે શંકરે ભગવાન વિષ્ણુની પ્રાર્થના કરી એટલે ભગવાન ભાવવડે ગંભીરતાથી હસીને શંકર પ્રત્યે કહેવા લાગ્યા.

શ્રી ભગવાન બોલ્યા-જ્યારે દૈત્યો અમૃતકલશ લેઇ ગયા ત્યારે દેવતાઓનાં કાર્ય કરનારા મેં, દૈત્યોને મોહિત કરવા માટે સ્ત્રીનું રૂપ ધારણ કર્યું હતું. હે દેવ શ્રેષ્ઠ ! તે સ્વરૂપ કે જે કામિયો બહુ ઉત્તમ માને છે અને જેમાંથી કામની ઉત્પત્તિ થાય છે તે મોહિનીરૂપ તમે જોવાની ઇચ્છાવાળા છો તો તમને હું દેખાડું છું.

આ પ્રમાણે કહેતાંવાર ભગવાન ત્યાંજ અદૃશ થઈ ગયા અને શંકર ઉમાની સાથે ચારે તરફ દૃષ્ટિ કરતા બેસી રહ્યા. એટલામાં શંકરે ત્યાં આગળ એક વિચિત્ર જાતના પુષ્પોવાળાં તથા નવપલ્લવ રાતાં પાંદડાંવાળાં વૃક્ષોનું એક ઉપવન દીઠું અને તે ઉપવનમાં દડાની રમતથી રમતી એક સુંદર સ્ત્રીને દીઠી. તે જમણા હાથથી દડાને ટપ્પા ખવરાવતી હતી અને પોતાની લીલાથી જગતને મોહિત કરતી હતી. દડાની રમત કરતાં કરતાં મોહિનીએ લજ્જા સાથે મંદમંદ હસીને ભગવાન શંકરને કટાક્ષ માર્યો તેથી એ છેતરાઈ ગયા. મોહિનીની દૃષ્ટિ સામે દૃષ્ટિ કરવાથી વિહ્વળ થઇ ગયા, અને તે મોહિનીને જોઇને તેમને પોતાના શરીરનું-પાસે બેઠેલાં પાર્વતીનું તેમજ પાર્ષદોનું-પણ ભાન રહ્યું નહિ. એ સ્ત્રીના હાથમાંથી રમતાં રમતાં જ્યારે દડો દૂર જતો

રહ્યા ત્યારે તે સ્ત્રી દરેક લેવાની ઇચ્છાથી તે દરેકની પાછળ દોડતી. આ પ્રમાણે રૂપાળી, મનને લલચાવનારી, સુંદર કટાક્ષવાળી અને અરધી વિંચેલી આંખોની અણીયોથી પોતાની સામે જોયા કરતી તે સ્ત્રીને જોઇને શંકર તેના ઉપર મોહિત થઇ ગયા. તે વખતે શંકરના વિવેકનો નાશ કર્યો અને શંકર કે જે કામદેવથી બિલ્કુલ થઇ ગયા હતા. તે પાર્વતીના દેખતાંજ લજ્જા મૂકીને તેની પાસે ગયા, અને વેગથી તેની પાછળ દોડી તે સ્ત્રીને તેની ઇચ્છા ઉપરાંત પકડી પાડી તેનો ચોટલો પકડી લીધો, અને બે હાથથી તેનું આલિંગન કર્યું. એ પ્રમાણે શ્રી મહાદેવજી પણ કામથી પરાજય પામ્યા હતા.

कामेन नारदः षष्टिपुत्रानजनयत्स्वतः
गर्वाभावाय हरिणा दत्तः कामो महाशनः ॥ १७

અર્થઃ—કામથી દોરાઇને નારદજીએ પોતાના શરીરથી સાઠ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. શ્રી હરિએ મનુષ્યનો ગર્વ ઉતારવાને માટે તેમની પાછળ સર્વ ભક્ષી કામને મુક્યો છે.

વિવેચન—શ્રી નારદજીને ગર્વ થયો કે મારા સમાન કોઇ ભગવદ્ભક્ત નથી. એમના ગર્વનું નિવારણ કરવા શ્રી હરિએ મહાશન કામ નારદજીમાં મુક્યો. કામને વિવશ થઇ નારદજીએ ૬૦ પુત્રોને જન્મ આપ્યો.

માણસને ગર્વ ન રહે એને માટે પ્રભુએ એમનામાં કામને મુકેલો છે.

કામ (વિષયવાસના તેમજ જુદા જુદા પદાર્થો મેળવવાની ઇચ્છા) ને લીધે માણસો ગર્વરહિત થઇ બીજાની પરવા રાખે છે; જો મનુષ્ય અને ઇતર પ્રાણીઓમાં કામ ન હોય તો પુરૂષો સ્ત્રીઓની પરવા ન કરે, તેમજ ચાકર નોકર કે પોતાનાં બાળક વગેરેની પણ પરવા ન કરે અને અનેક અનર્થ કરે. અમુક કામ કરાવવાની કે અમુક અર્થ પ્રાપ્ત કરવાની ઇચ્છાને લીધે માણસો બીજાનાં સારાં નરસાં વચન અને સારી નરસી વર્તણુંક

[illegible] કરી રહે છે. એ [illegible] [illegible] [illegible] છે કામ
એ અર્થ ટાળવાને માટે છે.

कामेनभरतस्यापि हरिणत्वंभवांतरे ॥
पुरंजनोऽपिकामेन स्त्रीयोनिमुपलब्धवान् ॥ १८॥

અર્થ:—કામને લીધે (આસક્તિને લીધે) ભરતજીને પણ બીજા જન્મમાં હરણના દેહની પ્રાપ્તિ થઇ હતી અને કામથી (વિષય-વાસનાથી) પુરંજન રાજાને પણ સ્ત્રીનો અવતાર પ્રાપ્ત થયો હતો.

વિવેચન—પુરંજન રાજા સ્ત્રીમાં ઘણો લોભાયો હતો તેથી એને સ્ત્રીનો અવતાર ધારણ કરવો પડયો હતો.

ભરતજીની વાર્તા—એક દિવસે ભરતજી શારીરિક ક્રિયાઓથી પહોંચી ગંડકી નદીને કાંઠે નિત્ય નિયમથી પરવારી ઓંકારનો જપ કરતા બેઠા હતા, એટલામાં સામે કાંઠેથી વાઘની બીકથી ઠેકેલી એક મૃગલીનો ગર્ભ નદીમાં પડતો અને તણાતો તેમણે દીઠો. તે ઉપરથી તેમણે દયાથી આર્દ્ર થઇ તે મૃગલીના તરતના જન્મેલા બચ્ચાને પાણીમાંથી કાઢી લીધું, અને પછીથી તેનું પાલણ પોષણ તેમણે કરવા માંડયું, અને તેમાં તેમની ઘણી આસક્તિ બંધાઇ ગઇ, અને તે આસક્તિ એટલી પ્રબળ થઇ કે તે પોતાનું તપ અને ધર્મક્રીયાઓ ભુલ્યા, અને તેથી કરીને તેમને એક પામર મનુષ્યની પેઠે મૃગનો અવતાર આવ્યો. તો પણ તેમને પૂર્વના તપને લીધે પાછળના જન્મની સ્મૃતિ રહી હતી.

શ્રીમદ્ ભાગવત સ્કં. ૫—અધ્યાય ૮.

कामेन वेदगर्भोऽपि स्वसुतायां तथा करोत् ॥
सैनेव रावणो बुद्धिं सीतायामन्यथा करोत् ॥ १९ ॥

અર્થ:—કામથી બ્રહ્માજીને પણ પોતાની પુત્રી સરસ્વતીને વિષે વિષયભાવના થઈ હતી, અને તેજ કામને લીધે રાવણની બુદ્ધિ સીતાજી પ્રત્યે વિપરીત બુદ્ધિ થઇ હતી.

લંકાના રાજા રાવણે શ્રી રામચંદ્રજીની સતી-શ્રી સીતાજીનું હરણ કીધું હતું અને તેમાં તેણે વિષયબુદ્ધિ રાખી તેથી તેના પરિણામે તે અને તેનું આખું કુટુંબ નાશ પામ્યું હતું. આ વાત શ્રી રામાયણ નામના મહાકાવ્યમાં સુપ્રસિદ્ધ છે.

જગતના પીતા બ્રહ્માની સરસ્વતી પ્રત્યે અધર્મમાં લાગેલી બુદ્ધિને જોઇને પુત્ર મરીચિ, મિશ્ર વિગરે ઋષિઓએ તેમને ઉપદેશ આપ્યો કે હે પીતાજી, તમે સમર્થ છો, છતાં કામના વેગને ન રોકતાં તેને આધીન થઇને દોષદૃષ્ટિથી પુત્રી સરસ્વતી પ્રત્યે તમે જાઓ એ કામ બહુજ અધમ છે. આવું આગળ કોઇ પણ પૂર્વજોએ કરેલું નથી, તેમજ હવે પછી પણ બીજો કોઇ એવું કામ કરશે નહી. જેના આચરણને અનુસરનારા લોકો સુખી થાય છે એવા મહા તેજસ્વી પુરૂષોને આ કામ યશ આપનારૂં નથી. આ વાત સાંભળી બ્રહ્મા તુરત શરમાઇ ગયા અને તેજ વખતે પોતાના શરીરનો ત્યાગ કર્યો. તે ભયંકર શરીરને દિશાઓએ ગ્રહણ કીધું, જેથી ઝાકળ અને અંધારૂ ઉત્પન્ન થયાં.

શ્રીમદ્ ભાગવત્ સ્કં. ૩ અધ્યાય. ૨૨.

एवं हि बहवोनष्टाः कामेनैव हि साधवः
भक्ति मार्गे विरोधस्तु तत्र काम कृतो महान ॥ २० ॥

અર્થઃ—એવી રીતે ઘણા ઘણા સાધુ પુરૂષો કામને લીધે અશક્ત થયેલા છે. વળી ભક્તિમાર્ગને વિષે પણ તે કામનો સંબંધ મહા વિરોધી અથવા શત્રુરૂપ છે.

વિવેચન—ઉપર જે દાખલાઓ આપ્યા તે ઉપરથી જણાશે કે કામથી ઘણા સાધુ પુરૂષો નષ્ટ થયા છે. ભક્તિમાર્ગને વિષે તો કામનો સંબંધ મહા શત્રુરૂપ ગણાય છે. ભક્તિનાં મુખ્ય ત્રણ અંગ છે. ૧ પ્રભુના મહાત્મ્ય જ્ઞાનની પ્રાપ્તિ, ૨ પ્રભુ ઉપર સર્વથી અધીક સ્નેહ રાખવો તે, અને ૩ પ્રભુમાં નિરંતર ચિત્તને પરોવવું તે. આ ત્રણે અંગોને કામ ખંડિત કરે છે.

કોઇ વસ્તુ પ્રાપ્ત કરવાની મનમાં પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થવાની સાથે, પ્રભુનું માહાત્મ્યજ્ઞાન, સંપાદન કરવાને, કથા, વાર્તા, વાંચન, લેખન વગેરે પ્રકારે જે વખત ગાળવામાં આવતો હોય, તે વખત એ વસ્તુ પ્રાપ્ત કરવામાં વાપરવાને મન લલચાયા વગર રહેતું નથી.

કામના વિષયરૂપ જે વસ્તુ હોય તે વસ્તુ પ્રાપ્ત કરવાની જેટલે દરજ્જે પ્રીતિ થાય, તેટલે દરજ્જે ભગવાન્ પ્રત્યેની પ્રીતિમાં ન્યૂનતા થયા વગર રહેતી નથી.

જેટલે દરજ્જે કામના વિષયરૂપ વસ્તુ પ્રાપ્ત કરવામાં ચિત્ત રાખવામાં આવે તેટલે દરજ્જે ભગવાન્માં ચિત્તની એકાગ્રતા કરવાનું બની આવતું નથી.

એ રીતે કામ એ સર્વ પ્રકારે ભક્તિને વિષે શત્રુરૂપ નીવડે છે.

कामिनः फलवांछातः शरणं नैव सिध्यति ।
सापेक्षस्यतु सर्वत्र दुर्लभं हि समर्पणम् ॥ २१ ॥
तदभावे तदीयत्वं सर्वथैव हि दुर्लभम्।
साधारण्येव बुद्धिः स्यात्तेन लीला स्थितेष्वपि ॥ २२ ॥

અર્થઃ—કામીપુરૂષને ફળની ઇચ્છા હોવાથી તેને શ્રી હરિનું શરણ સિદ્ધ થતું નથી; કેમકે ફળની અપેક્ષાવાળાને શ્રી હરિને વિષે સમર્પણ કરવાની બુદ્ધિ થવી એ સર્વ પ્રકારે દુર્લભ છે. ૨૧

સમર્પણને અભાવે ભગવદીયપણું સર્વ પ્રકારે દુર્લભ છે. કામને લીધે ભગવાન્ની લીલામાં રહેલા ભક્તજનોના સંબંધમાં સાધારણ લૌકિક બુદ્ધિ થાય છે. ૨૨

વિવેચન—કામીપુરૂષને ફલની ઇચ્છા હોય છે. એ ઇચ્છા એટલી બધી પ્રબળ હોય છે કે એ ઇચ્છાવાળો મનુષ્ય એ કામનાજ વિષયને પોતાની નજર આગળ નિરંતર દેખે છે; તે

કારણથી એના મનની તમામ વૃત્તિઓનો એ વિષયમાંજ નિરોધ થાય છે. એ પ્રમાણે જેનું મન વિષયમાં જ ગુંથાયલું હોય તે શ્રી હરિનું શરણ શી રીતે પ્રાપ્ત કરીશકે?

શ્રીહરિનું શરણ પ્રાપ્ત કરવામાં સર્વ વસ્તુઓ શ્રી હરિને સમર્પણ કરવાની છે એટલુંજ નહિ પણ શરીર, ઇન્દ્રિયો અને મનના તમામ વ્યાપાર પ્રભુનેજ અર્પણ કરવાની જરૂર છે. જ્યાં સુધી સર્વ વસ્તુઓ ભગવાનને સમર્પણ ન કરી હોય ત્યાં સુધી પ્રભુનુંજ શરણ, પ્રભુનો આશ્રય થઈ શકતો નથી. જ્યાં સુધી એમનો આશ્રય સિદ્ધ ન થાય ત્યાં સુધી એમની પ્રાપ્તિ પણ થઈ શકે નહિ.

સમર્પણથીજ ભગવદીયપણું પ્રાપ્ત થાય છે.

મનમાં જ્યાં સુધી કામવાસના હોય ત્યાં સુધી ભગવાનની લીલામાં રહેલા જીવોના સંબંધમાં મનુષ્યને લૌકિક બુદ્ધિ થયા વગર રહેતી નથી. જ્યારે જ્યારે શ્રી હરિની ક્રીડા વિષેની કથા વાર્તા તેઓ વાંચે કે સાંભળે ત્યારે ત્યારે એમના મનમાં એમ વિચાર ઉત્પન્ન થાય કે ભગવાન્ એ એક મહાસમર્થ કામીપુરૂષ છે, એમનો કામ અનિવાર્ય છે, તે કદી પણ તૃપ્ત થતો નથી; આવા વિચારો કામીપુરૂષોની રીતભાત ઉપરથી કામીમનમાં ઉત્પન્ન થયા વગર રહેતા નથી. એ વિચાર કરતી વખતે તેઓ ભૂલી જાય છે કે, ભગવાન્નું ભગવાન્પણું નિષ્કામતા કે વૈરાગ્ય ઉપર આધાર રાખે છે. જે છ ભગ અથવા ઐશ્વર્યને લીધે પ્રભુને ભગવાન કહેવામાં આવે છે તે, ૧ ઐશ્વર્ય, ૨ વીર્ય, ૩ યશ, ૪ શ્રી, ૫ જ્ઞાન અને ૬ વૈરાગ્ય છે. સતત્ વૈરાગ્ય ધારણ કરવાવાળા ભગવાન્ને કામવાસના હોઇજ શકે નહિ, તો એમની લીલામાં એનો ગંધ કે સ્પર્શ હોવાનો સંભવ નથી.

પ્રેમ, આસક્તિ અને વ્યસન એ ભક્તિની ત્રણ કક્ષા સિદ્ધ થયા પછી સર્વાત્મભાવવાન્ ભગવદીઓને સ્વરૂપદાન કરવા રાસલીલા કરેલી છે. એ મર્મ ન સમજતાં કામીઓ લીલાસ્થ

ભગવદીઓ વિષે સાધારણ બુદ્ધિ કરે છે કારણ કે કામી પુરૂષના હૃદયમાં નિષ્કામ ક્રીડાનું હાર્દ આવી શકતું નથી.

જે જીવો પ્રભુનીજ સેવામાં નિરંતર ગુંથાઈ રહે છે તે-ઓ પણ લૌકિક વિષયની વાસનાવાળા છે એમ લોકો ધારે છે અને તેમના ઉપર અનેક ખોટા આરોપો મુકે છે. નૃસિંહ મેહેતા, મીરાંબાઈ વગેરે અનેક ભક્તજનોના ઉપર અનેક પ્રકારના આરોપ મુકવામાં આવતા એ વાત સુપ્રસિદ્ધ છે. વ્યવહારમાં પણ એમજ જોવામાં આવે છે. કોઇ વ્યાપારી પ્રામાણિક હોય તોપણ બીજા અપ્રામાણિક મનુષ્યો તેને પ્રામાણિક ધારતા નથી.

कामलेन यथा पीतप्रतीतिरखिले भवेत् ।
पंचाध्याय्यामतः प्रोक्तं हृद्रोगत्वं शुकैरपि ॥ २३ ॥
दोषबुद्धिः कामिनस्तु भवेल्लीलाकृतौ हरेः ।
निबंधे श्रीमदाचार्यैरत इंद्रियनिग्रहे ॥ २४ ॥
अत्यागः सर्वथा प्रोक्तो भगवद्भक्तिसाधकः ।
कौतुकार्थमपि त्यागो धर्मार्थमपि वार्जितः ॥ २५ ॥

અર્થ:—જે પ્રમાણે કમળાના રોગવાળાને સર્વ વસ્તુમાં પીળા રંગની પ્રતીતિ થાય તે પ્રમાણે ભગવલ્લીલાના સંબંધમાં પણ કામને લીધે તેવી ભાવના અથવા પ્રાકૃત બુદ્ધિ થાય છે, તેથી કરીને રાસપંચાધ્યાયીમાં પણ શુકદેવજીએ કામને મનનો રોગ કહેલો છે. ૨૩

શ્રીહરિની લીલાની કૃતિમાં કામીપુરૂષોને દોષબુદ્ધિજ થાય છે, અને તેથી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ નિબંધના ગ્રંથમાં ઇન્દ્રિયના નિગ્રહનો સર્વથા અત્યાગ કહ્યા છે, એટલે ઇન્દ્રિયોનો સર્વથા નિગ્રહ કરવાનો કહેલો છે, કેમકે ઇન્દ્રિયનિગ્રહ ભગ-વદ્ભક્તિનો સાધક છે. વળી શ્રી આચાર્યચરણ ફરીથી કહે છે કે ઇન્દ્રિયનિગ્રહનો ત્યાગ કૌતુકને અર્થે પણ કરવો નહિ,

તેમજ ધર્મના અર્થમાં પણ ઇન્દ્રિયનિગ્રહનો ત્યાગ કરવો નહિ. ૨૪-૨૫.

વિવેચન—જે માણસને કમળો થયો હોય તે સર્વ વસ્તુને પીળી દેખે છે એજ પ્રમાણે કામી મનુષ્યો ભગવાનની લીલાને કામરૂપ દેખે છે. એ મોટી ભૂલ છે.

શુદ્ધ, નિર્મળ પ્રેમ એ મ્હોટામાં મ્હોટી શક્તિ છે અને એની સર્વ પ્રાણી પદાર્થો ઉપર અત્યંત અને અનિવાર્ય અસર થાય છે. એ વાત શ્રી કૃષ્ણરૂપ ધારણ કરી ભગવાને સિદ્ધ કરી આપી છે. બાળકરૂપે એ પ્રેમમૂર્તિ ભગવાને નંદજી અને યશોદાજીનાં મન હરણ કરી લીધાં હતાં. તમામ વ્રજવાસીઓનાં પણ મન હરાઈ ગયાં હતાં. ગોપ ગોપીઓ અને આબાલવૃદ્ધ તમામને એમનાં દર્શન કર્યા સિવાય સુખ થતું નહોતું. એમને ઘેર મુકી એમના સોબતીઓ ગાયો ચારવા જવાની ના પાડતા. જેમ કોઇ સુંદર વરઘોડો જોવાને લોકો રસ્તે લેગા થાય તેમ વનમાંથી ભગવાન્ ગાયો ચારીને પાછા આવતા ત્યારે તમામ વ્રજવાસીઓનાં ટોળાં એમનાં દર્શનની અપેક્ષાથી રસ્તે ઉભાં રહેતાં. એમના ચરણકમલદ્વારા પૃથ્વી પ્રેમથી પુલકિત થઇ પુષ્કળ અન્ન વગેરે દ્રવ્યો આપવા લાગી. વૃક્ષો પુષ્કળ ફલ ફુલ આપવા લાગ્યાં. ગાયો પુષ્કળ દુધ દેવા લાગી, નદીઓ અને પર્વતો હર્ષના નાદ કરવા લાગ્યાં.

ભગવાનના સખાઓતો એમના સિવાય એક ક્ષણ પણ રહી શકતા નહીં. ગાયો-માંકડાં-સર્વ પ્રાણીઓ એમને જોઈ આનંદ પામવા લાગ્યાં. એમને મારવા આવનારને પણ દુનિયાંને પીડનાર તરીકે ભગવાને બંધ કરી મુક્તિ આપી.

પ્રભુના પ્રેમનું બળ એટલું બધું છે કે તેના આગળ ઇતર સર્વ પ્રેમના આભાસરૂપ આસક્તિઓ છુટી જાય છે. એજ કારણથી દુનિયાદારીની આસક્તિરૂપ લજ્જા-શરમ, આશ્રમધર્મ વગેરે છોડ્યા સિવાય ભગવાનની પ્રાપ્તિ થતી નથી એ પણ

શીખવતી વખતે યમુનાજીમાં સ્નાન કરતી ગોપ બાળકીઓ, પ્રાહ્મણો પાસે ભીખ માગવા જનાર ગોપ બાળકોઓ, અને રાસ-લીલામાં ભાગ લેવા જનાર ગોપીઓએ પોતાનાં વચનની કે પોતાના આશ્રમધર્મની કે મનુષ્યરૂપે પોતાના લૌકિક વૈદિક કર્તવ્યની દરકાર કરી નહોતી એ વાત સુપ્રસિદ્ધ છે.

પ્રભુના પ્રેમના પાશથી બંધાઈ જઈ વૃદ્ધ ગોવાલિયાઓ પણ ભગવાનનાં વચનો અપ્રામાણ્ય તરીકે માનવા લાગ્યા અને ઈન્દ્રના કોપની પણ પરવા કરી નહીં.

શ્રી કૃષ્ણની બાલલીલા એ માત્ર પ્રેમનું ચરિત્ર છે, એ કામલીલા નથી.

જે અનંત કોટિ પ્રહ્માંડોને રચે છે, જે સર્વ પ્રાણીઓના આત્મા છે, જે સર્વ પ્રાણી માત્રના માતા પિતા છે તે કામી હતા અને દોષયુક્ત કામીપુરૂષો તરીકે વર્ત્યા હતા એ કહેવું અયોગ્ય છે.

ભગવાનની તમામ લીલાઓ દિવ્ય અને બોધરૂપ છે. તેઓનો ખરો અર્થ એમના કૃપાપાત્ર ભક્તોજ સમજાવી શકે છે. લૌકિક બુદ્ધિ રાખનાર મનુષ્યોએ એ લીલાઓ તરફ લૌકિક દૃષ્ટિ કરવી અઘટિત છે.

કામ એ માત્ર શરીરનોજ રોગ નથી પણ મનનો પણ રોગ છે કેમકે કામીપુરૂષો બીજાને પણ તેવી ભાવનાવાળા બનાવે છે અને ભગવાનની શુદ્ધ લીલામાં પણ તેવી ભાવના કરાવે છે માટે શુકદેવજી એને મનનો રોગ કહે છે.

આચાર્યશ્રી નિબંધના સર્વનિર્ણય પ્રકરણમાં કહે છે કે-

स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम् ॥
इंद्रियाश्वाविनिग्राह:सर्वथा न त्यजेत् त्रयम् ॥

અર્થ:—શક્તિ પ્રમાણે સ્વધર્મનું આચરણ કરો, વિમુખ

કરનાર વિધ્નથી દૂર રહેો. ઇંદ્રિયોરૂપી ઘોડાને વશ રાખેો. આ ત્રણે વસ્તુનેા કેાઇ દિવસ ત્યાગ કરેા નહિ.

"स्वयमिंद्रियकार्याणीत्युक्त्या धैर्यविंभंजनः ॥
विवेकस्य विरोध्येव तदस्फूर्तिकरो यतः ॥२६॥
आश्रयस्तु कथं सिध्येन्मनोविक्षेपसंभवात् ॥
भक्तिमार्गोऽपि मूलत्वात्त्यागस्य न हि सिध्यति ॥२७॥

અર્થ:—**स्वयमिंद्रियकार्याणि** એ વાક્યવડે યુક્તિપુરઃસર જણાવવામાં આવ્યું છે કે (કામ) ધૈર્યને તેાડનાર છે, અને તે વિવેકનેા વિરેાધી હેાવાથી તેને લીધે વિવેકની અસ્ફૂર્તિ (વિસ્મૃતિ) થાય છે. ૨૬

એ પ્રમાણે વિવેકનેા નાશ થતાં મનમાં વિક્ષેપ થવાથી ભગવદાશ્રય સિદ્ધ થઈ શકે નહિ. ઇન્દ્રિયવિષયનેા ત્યાગ એ ભક્તિમાર્ગનું મૂળ કારણ હેાવાથી, ઇન્દ્રિયેાના વિષયેાના ત્યાગના અભાવે ભક્તિમાર્ગ સિદ્ધ થતેા નથી. ૨૮

વિવેચન:—વિવેક ધૈર્યાશ્રય નામના ગ્રંથમાં આચાર્યશ્રી મહાપ્રભુજી કહે છે કે—

स्वयमिंद्रियकार्याणि कायवाङ्मनसा त्यजेत् ॥

અર્થ:—"ઇન્દ્રિયેાનાં પેાતપેાતાનાં કાર્યોને કાયાથી, વાણીથી અને મનથી તજવાં" એ વાક્ય ઉપરથી સ્પષ્ટ રીતે સમજાય છે કે જો ઇન્દ્રિયેા પેાતપેાતાના વિષયેામાં વળગી રહે તેા તેથી ધૈર્યનેા ભંગ થાય.

ધૈર્ય એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિ અથવા આધ્યાત્મિક આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણે પ્રકારનાં દુઃખેાને સર્વ પ્રકારે સર્વદા સહન કરવાં, તથા સ્ત્રી પુત્રાદિક તરફથી થતી હેરાનગતિ સહન કરવી. તે.

દરેક ઇન્દ્રિયને પેાતાના પ્રિય વિષયની પ્રાપ્તિ ન થતાં દુઃખની લાગણી થાય છે. એ દુઃખની લાગણીઓ સહન કરી

૬૬૬ ઇન્દ્રિયનો નિગ્રહ કરવો એ ભક્તિમાર્ગમાં આવશ્યક છે, એમ કરવામાં ન આવે તો ધૈર્યનો નાશ થાય એમ કહેવાનો આશય છે.

વળી કામ એ વિવેકનો વિરોધી છે. વિવેક એટલે પ્રભુ સર્વ વસ્તુ પોતાની ઇચ્છા પ્રમાણે કરશે. તે સર્વ વસ્તુ કરવાને સમર્થ છે, અને શું કરવાથી પોતાના ભક્તજનો સુખી થશે એ વાત પોતેજ સારી પેઠે જાણે છે, માટે અમુક વસ્તુ કરવાની એમને પ્રાર્થના કરવી એ ઉપયોગી નથી. આપત્તિ, ગતિ વગેરે કર્મોને વિષે હઠનો ત્યાગ કરવો, અને ધર્મ અધર્મનોજ માત્ર વિચાર કરી અભિમાનનો ત્યાગ કરી અમુક લૌકિક વસ્તુ કરવાના આગ્રહને છોડી દઇ સર્વદા પ્રભુની ઇચ્છાને આધીન થવું. એ પ્રમાણેની વર્તણુકને વિવેક કહે છે.

કામી મનુષ્ય હમેશ પોતાની મરજી પ્રમાણે વર્તવાના આગ્રહવાળો હોય છે, પોતાની ઇન્દ્રિયોને પ્રિય લાગે એ પદાર્થો પ્રાપ્ત કરવામાં એ હમેશ મચ્યો રહે છે; એ કારણથી ઉપર કહ્યા પ્રમાણેનો એનામાં વિવેક હોઇ શકતો નથી.

વિવેક અને ધૈર્ય હોય તોજ મન વિક્ષેપ વગરનું થાય એ બન્નેનો નાશ થતાં પ્રભુનો દૃઢ આશ્રય રાખવાનું સામર્થ્ય-શી રીતે આવી શકે? પ્રભુના ઉપરજ દૃઢ આશ્રય રાખવો એ વાત નિશ્ચિંત અને એકાગ્ર મન સિવાય બની શકે નહિ. જ્યાં સુધી મન કુતરાની માફક એક વિષય ઉપરથી બીજા વિષય ઉપર અને બીજાથી ત્રીજા ઉપર ભટકતું હોય ત્યાં સુધી તેનામાં આશ્રય રાખવા જેટલી સ્થિરતા રહે નહિ. ભક્તિમાર્ગમાં વિવેક, ધૈર્ય અને આશ્રયથી કુલ સિદ્ધ થાય છે; તે સર્વનો કામ શત્રુ છે એ રીતે કામ એ સર્વ પ્રકારે ભક્તિ માર્ગનો વિરોધી છે એમ બતાવવામાં આવ્યું છે. ગ્રંથકર્તા કહેછે કે ઇન્દ્રિયના વિષયોનો ત્યાગ એ ભક્તિમાર્ગનું એક આવશ્યક તત્ત્વ છે. એ તત્ત્વ પ્રાપ્તિ કર્યા સિવાય ભક્તિમાર્ગજ સિદ્ધ થઈ શકતો નથી.

बाह्यत्यागे कृष्णयोगः सर्वथा त्वांतरे मतः ॥
परं तूभयथात्यागो मूलमत्र न संशयः ॥ २८ ॥
कामे सति कथं त्यागः सापेक्षस्य प्रसिद्धयति ॥
तस्माद्विचार्य तद्रूपं दुरतिक्रमणं स्वतः ॥ २९ ॥
शरणीकरणीयं श्रीनिजाचार्यपदांबुजम् ॥
साधनानामभावेऽपि स्वबलाऽखिल साधकम् ॥ ३० ॥
तत एव च निस्तारो दोषपोषयुतात्मनाम् ॥
नान्यागतिर्गोकुलेशभजनानंदकांक्षिणाम् ॥ ३१ ॥

અર્થ:—ઇન્દ્રિયોના વિષયોનો બહારથી ત્યાગ કરવાથી કૃષ્ણના યોગની પ્રાપ્તિ કરે છે અને આંતર ત્યાગ હોય તો સર્વથા શ્રી કૃષ્ણની પ્રાપ્તિ થાયજ એમ માનવામાં આવ્યું છે. પરંતુ ઇન્દ્રિય વિષયોનો બાહ્ય અને આંતર ત્યાગ ભક્તિમાર્ગનો મૂલ પાયો છે એમાં કાંઈ સંશય નથી. ૨૮

જો કામવાસના વ્યાપ્ત હોય તો મુમુક્ષુને ત્યાગની સિદ્ધિ શી રીતે થઈ શકે? કેમકે કામ એ બીજી વસ્તુઓની ઇચ્છાવાળો છે. તેટલા માટે કામના રૂપનો વિચાર કરીને તે (કામરૂપી) પાપનું ઉલ્લંઘન કરવાને માટે શ્રી નિજાચાર્યના+ ચરણારવિંદનું શરણ લેવું જોઇએ. એ ચરણારવિંદ કામના વિજયને વિષે સાધનનો અભાવ હોય તોપણ પોતાના બળથી સર્વ કરવાને સમર્થ છે. ૨૯–૩૦

તેથી કરીને શ્રી આચાર્યનું ચરણ સર્વ પ્રકારના દોષોયુક્ત મનુષ્યનો નિસ્તાર કરનારૂં છે. અને શ્રી ભગવાનના ભજનાનંદની આકાંક્ષાવાળાને માટે એજ માર્ગ (ગતિ) છે. બીજો કોઇ માર્ગ નથી. ૩૧

વિવેચન—ઇન્દ્રિય વિષયોના ત્યાગના શ્રી હરિરાયજી બે ભાગ પાડે છે, એક બાહ્ય ત્યાગ અને એક આંતર ત્યાગ. બાહ્ય ત્યાગ

+ શ્રીમદ્વલ્લભાચાર્યજીનું શરણ.

એટલે બહારથી તે વિષયપરત્વે ગમન કરવું છોડી દેવું તે–કોઇ માણસને અમુક પદાર્થ આવવાની, અમુક પ્રકારે ખેલવાની, અમુક પદાર્થો ભોગવવાની કે એવીજ બીજી ટેવ પડી હોય તે માણસ તે આવવાના પદાર્થનો, ખેલવાનો કે ભોગવવાનો ત્યાગ કરે ત્યારે તે બાહ્ય ત્યાગ કર્યો કહેવાય. આ બાહ્ય ત્યાગથી તે તે પદાર્થો તરફ થતી ગતિ અટકે છે પણ પ્રીતિ ઓછી નથતાં મનોગતિ તો થયાંજ કરે છે. જ્યારે તે પદાર્થોપરની પ્રીતિનોજ નાશ થાય ત્યારે આંતર ત્યાગ કર્યો કહેવાય.

માંદવાડના વખતમાં માંદો માણસ અમુક પદાર્થો તજે છે એ બહારનો ત્યાગ છે. એ પદાર્થો તજવાથી એ પદાર્થોપરની રૂચિ કે પ્રીતિનો જ્યારે નાશ થાય ત્યારે આંતર ત્યાગ થયો કહેવાય.

ઇન્દ્રિયવિષયોનો બહારથી પણ ત્યાગ કરવો એ કાંઇ સહેલું કામ નથી અને તે નિરર્થકપણ નથી. કેમકે તેવા ત્યાગથી પ્રીતિમાં વધારો થતો અટકે છે અને કાળાંતરે તે પ્રીતિ નષ્ટ પણ થાય છે. પ્રભુ તરફ વળેલાં મનને એ ત્યાગથી પ્રભુ તરફ વધારે વાળવાને વખત મળે છે, અને તેને લીધે શ્રી કૃષ્ણનો યોગ, શ્રી કૃષ્ણની ભક્તિ, ઉત્પન્ન થાય છે. ને વિષયોનો આંતર ત્યાગ થાય એટલે તેઓની ઇચ્છાના મૂલનું પણ છેદન થાય તો ભક્તિ ઉત્પન્ન થયા વગર રહેજ નહિ.

ઇન્દ્રિયવિષયોનો બહારથી અને અંદરથી ત્યાગ કરવો એ ભક્તિમાર્ગનો મૂળ પાયો છે એમાં સંશય નથી.

કામ સાપેક્ષ છે તેથી તે બીજા વિષયોની ઇચ્છા શમવાના ધર્મવાળો છે. તે કારણથી એ પાપરૂપ કામનું ઉલ્લંઘન શી રીતે થઇ શકે એમ ધારવું નહિં.

પોતાના આચાર્ય (શ્રી મહાપ્રભુજીના ચરણ)નું સ્મરણ કરવાથી પોતાના આચાર્યે કરેલા બોધનું નિત્ય અનુક્રમણ કરવાથી, તેમનાં વચનો ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી તે પ્રમાણે વાથી, કામરૂપી પાપનું ઉલ્લંઘન થઇ શકે છે.

આ સૃષ્ટિક્રમમાં જે જે પુરુષ ધર્મ સ્થાપકો થઇ ગયા તે બધા ભગવાનની પ્રેરણાથીજ જનકલ્યાણને માટે પ્રકટ થયા હતા. તેઓએ સ્થાપન કરેલો માર્ગ જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી તેઓ તેનું અદૃશ્ય રીતે પોષણ કરે છે, અને તે માર્ગમાં રહેલાં મનુષ્યોની ધાર્મિક સ્થિતિના પાલક તરીકે વર્તે છે. એ પ્રમાણે હોવાથી પોતાના આચાર્યના બોધ પ્રમાણે વર્તવાથી વર્તનારના મનોબળમાં આચાર્યમાં રહેલા ભગવાનના બળનો ઉમેરો થાય છે. અને તેમ થવાથી કામતો શું પણ એથી વધારે બળવાન શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરી શકાયછે. માટે કામના વિજયની બાબતમાં પોતાના આચાર્ય (શ્રીમદ્વલ્લભાચાર્ય) ચરણની-તેમના બોધની-તેમના-ગ્રંથની સહાયતાથી વિજય થશે એમ નિશ્ચય રાખી તે કામમાં વળગ્યા રહેવું.

શ્રી કૃષ્ણના ભજનાનંદનીઆકાંક્ષાવાળાને માટે તો આચાર્ય ચરણ-એમનો બોધ-એમના ગ્રંથો-એમનું ચારિત્ર વગેરે કામના વિષયોના ત્યાગની બાબતમાં વિજય પ્રાપ્ત કરાવવાને સમર્થ છે.

શ્રીમદાચાર્ય (શ્રી મદ્વલ્લભાચાર્ય) શ્રી કૃષ્ણના મુખાગ્નિરૂપ છે, એટલે નિત્યજ વિરાજમાન છે. કામ ભક્તિમાં પ્રતિબંધ રૂપ છે, એટલે એનું દમન કરવાની આવશ્યકતાજ છે. જીવથી તે બની શકે નહિ તો એ કામને પણ અશન કરી જાય એવા આચાર્ય શ્રીના મુખાગ્નિનો આશ્રય કરવો, કે જેથી કામ જીતાઈ કૃષ્ણાત્મક શ્રી કૃષ્ણના સ્વરૂપની પ્રાપ્તિ થાય.

[illegible] વરણં

સમાપ્તમ્

છે. જો અન્ય સૃષ્ટિ પેઠેની જેમ ભક્તનો દેહ પાંચભૌતિક હોય, તો સ્મૃતિમાં બતાવેલ ધર્મો પણ ભક્તોએ કરવા જોઇએ. પણ ભગવદ્ ભક્તોનો દેહ ભગવાનના ચરણકમલની રેણુથી બનેલો છે, તેથી ભગવાનના ચરણકમલના ભજન સિવાય તેમનો અન્ય ધર્મ પ્રાપ્ત થતો નથી શ્રીવરાહજીએ પણ એટલા માટે કહ્યું છે કે:—

अन्यैव काचित् सृष्टिर्विधातु र्व्यतिरेकिणी.

અર્થ:—બ્રહ્માની સૃષ્ટિથી અતિરિક્ત એવી તે બીજીજ કોઈ સૃષ્ટિ છે.

આ સૃષ્ટિ એ પુષ્ટિસૃષ્ટિ છે; અને તે શ્રીઅંગમાંથી ઉત્પન્ન થયેલ છે અને તેનો હેતુ શ્રીઅંગની સેવા વિના અન્ય નથી. માટે પ્રભુની સેવા એજ તેનો ધર્મ છે. બીજા ધર્મોમાં દેશ, કાલ, કર્મ, મંત્ર આદિની શુદ્ધતા જોઇએ માટે વસ્તુતઃ એ ધર્માભાસ છે. જે સ્વતઃ દુર્બળ હોય તેને અન્યની જરૂર પડે છે.

પ્રકૃત ધર્મમાં અન્યની અપેક્ષા જ નથી, એમ બતાવવા માટે '**क्वापि**' પદ ધર્યું છે. તેનો અર્થ 'ક્યાંય પણ' એમ થાય છે. આ ચરણકમલનાં સેવનરૂપ ધર્મ એ ધર્મીમાર્ગ છે, એટલે શ્રીપુરૂષોત્તમધર્મી છે. બીજા જ્ઞાન વૈરાગ્યાદિ તેનાં ધર્મો છે. ધર્મીની સત્તા સર્વત્ર છે, તેથી તે ધર્મ પ્રબલ છે. માટે આ ધર્મ ગમે તે દેશમાં થઈ શકે છે. દેશકાલાદિનો નિયમ નથી; કારણકે દેશનું આધિદૈવિકપણું ભગવાનજ સંપાદન કરે છે. આજ કારણથી શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે:—

तीर्थीकुर्वन्ति तीर्थानि स्वांतस्थेन गदाभृता ।

અર્થ:—આપ સરખા ભગવદ્દીઓ સ્વહૃદયમાં ગદાધારણ કરી રહેલા ભગવાનવડે તીર્થોને પણ પાવન કરે છે ?

આ શ્લોકમાં કહ્યું કે ભગવાનના ભક્તો તીર્થોને પણ પાવન કરે છે, તેથી ભગવદ્ધર્મ કરતાં દેશાદિનો નિયમ આવશ્યક નથી, તેથી એ સિવાય બીજો ધર્મ ક્યાંય પણ નથી આ ધર્મતો ધર્મીરૂપ હોવાથી, અતિ પ્રબળ હોવાથી અને સર્વત્ર પ્રકટ હોવાથી, ગમે

ત્યાં થઈ શકે. ધર્મી અને ધર્મનો અભેદ પ્રસિદ્ધ છે. ' **કદાચન** ' શબ્દથી એમ સૂચન થાય છે કે, કોઇ પણ કાલમાં એ ધર્મ સિવાય બીજો ધર્મ નથી. ભકતોને તો ધર્મરૂપ પણ ભગવાન જ છે, તેથી ધર્મમાં જો મન જાય તોપણ તેમાંથી ખેંચી ભગવાનને જ ધર્મરૂપ સમજી, તેમાં મન સ્થાપન કરી સર્વાત્મભાવથી પ્રભુનું જ ભજન કરવું. વળી ધર્મથી જ ઈષ્ટ સિદ્ધિ છે, એમ નિગમ પણ પ્રતિપાદન કરેછે ધર્મથી પાપને દૂર કર્યા વિના, ઈષ્ટપ્રાપ્તિમાં પાપજ પ્રતિબંધક છે. એવું સંભળાય છે તેથી, ઇષ્ટપ્રાપ્તિ થતી નથી. પાપનિવૃત્તિ તો સાંગોપાંગ વિધિથી કરેલ ધર્મથી થાય છે; અને તે ધર્મથી ફલની પ્રાપ્તિ થાય છે. એ ફલપ્રાપ્તિ તો અતિ દૂર રહી. પ્રથમતો ધર્મજ સાંગોપાંગ સિદ્ધ થતો નથી. એટલા માટે કોઇ પણ ધર્મક્રિયાને અંતે **'यस्य स्मृत्या'** એ શ્લોક બોલવામાં આવે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે આ કાલમાં ધર્મ સિદ્ધ થતો નથી. અને ભગવદ્ભજન વિનાં અન્ય માર્ગે ઈષ્ટસિદ્ધિ નથી. ધર્મની પૂર્ણતા અચ્યુતના સ્મરણથીજ થાય છે. જો તેમ ન થાય તો તે ધર્મ વિધિના અંગરૂપ બને છે, અને વિધિ જો અપૂર્ણ હોય તો ધર્મ પણ ન થાય. પ્રકૃત ધર્મમાં તો વિધિનો નિયમ ન હોવાથી અને ભજન ભાવાત્મક હોવાથી ભજનાનંદ જ ફલ છે. આજ કારણથી યદુકુલ રૂપી અમૃત સાગરમાં આવિર્ભાવ પામેલા સુધાનિધિ શ્રીપ્રભુએ કહ્યું છે કે,

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।

અર્થ:—જે જેવા ભાવથી મને પ્રપન્ન થાય છે તેમને તેવીજ રીતે હું ભજું છું.

વિધિહીન ધર્મનું અસાધકપણું યોગીયાજ્ઞવલ્કયે સ્વ સ્મૃતિમાં કહ્યું છે.

विधिहिनं भावदुष्टं कृतमश्रद्धया च यत् ।
तद्धरंत्यसुरा स्तस्य सुमूढस्या कृतात्मनः ॥ १ ॥

અર્થ:—તે અતિમૂઢ અને અકૃતાર્થનું વિધિહીન, ભાવદુષ્ટ કે અશ્રદ્ધાથી જે કર્યું હોય, તે અસુરો લઇ જાય છે.

ઘણી ભક્તોને તો ભગવાન્ જ ઇષ્ટ છે. તેની પ્રાપ્તિ તો ભગવાનના સેવન વિના અન્ય ધર્મથી થતી નથી. તેથી વિપ્રયોગ રૂપી તાપ થતાં, ભગવાન્ની પ્રાપ્તિ માટે જે ભગવત્સેવન થાય તે ધર્મરૂપ જ છે. તેથી શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કેઃ—

स्मरन्तः स्मारयन्तश्च मिथोघौघहरं हरिम् ।
भक्त्या संजातया भक्त्या बिभ्रत्युत्पुलकां तनुम् ॥ स्कं.११–३–३१

અર્થઃ—પાપના ઓઘને હરણ કરવાવાળા હરિનું સ્મરણ કરતા તથા પરસ્પર સ્મરણ કરાવતા (ભગવદ્દીઓ) સાધનરૂપ ભક્તિથી ઉત્પન્ન થતી ફલરૂપ ભક્તિવડે રોમાંચ ઉત્પન્ન થયેલા હોય એવા શરીરને ધારણ કરે છે. તેમજ પ્રલ્હાદજી કહે છે કેઃ—

मन्ये धनाभिजनरूप तपः श्रुतौजस्तेजः प्रभावबलपौरुषबुद्धियोगाः
नाराधनाय हि भवन्ति परस्यपुंसो भक्त्या तु तोष भगवान्गजयू-
थपाय ॥ स्कं. ७–९–९.

અર્થઃ—પરમ પુરૂષનું આરાધન કરવાને ધન કુલ, રૂપ, શ્રુત, ઓજ, તેજ, પ્રભાવ, બલ, પરાક્રમ, બુદ્ધિ, યોગ બસ થતાં નથી અને ભક્તિથીજ ભગવાન્ ગજરાજ ઉપર પ્રસન્ન થયા એમહું ધારૂંછું.

પ્રલ્હાદજી દૈત્યપુત્રોને ઉપદેશ આપે છે કેઃ—

न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च ।
प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बनम् ॥ स्कं. ७–७–५२

અર્થઃ—ન દાન, ન તપ, ન યજ્ઞ, ન પવિત્રતા, ન વ્રત (ભગવાનને પ્રસન્ન કરે છે). નિર્મળ ભક્તિથી હરિ પ્રસન્ન થાય છે. બીજુ વિડમ્બન (આળપંપાળ) છે. આ અને એવાં સહસ્રાવધિ વાક્યોથી એમ સિદ્ધ થાય છે કે ભક્તિ વિના ઇતર સાધનોથી ભગવાન્ સાધ્ય નથી. શ્રીઉદ્ધવજીપ્રતિ સર્વધર્મનું નિરૂપણ કરતાં શ્રી પ્રભુએ અંતે કહ્યું છે કે,—

इति मां यः स्वधर्मेण भजन् नित्यमनन्य भाक् ।
सर्वभूतेषु मद्भावो मद्भक्ति विन्दतेऽचिरात् ॥ स्कं.११–१८–४४

અર્થ:—એ પ્રમાણે જે અનન્ય થઇને નિત્ય મને સ્વધર્મમાં રહીને ભજે છે અને સર્વભૂતોમાં મને જુવે છે, તે થોડાકાળમાં મારી ભક્તિ મેળવે છે.

આ ઉપરથી અનન્ય ભજન એજ ભગવાનને વશ કરે છે, એમ દેખાય છે, તેથી ધર્મની આકાંક્ષા હોય તો ભગવદીયોનો ધર્મ ભગવાનને જ ભજવા એ છે. વળી શ્રીમત્ પ્રભુચરણે એવો નિર્ણય કરેલો છે કે અનન્ય ધર્મવાળા જ અધિકારી છે. ભગવદ્ભજનમાં સર્વનો અધિકાર છે. સર્વ પાપનો નાશકરનાર નિર્મલ વસ્તુને અધિકારાદિકની અપેક્ષા હોતી નથી. માટે 'ધર્મ' પદની શક્તિ ભગવદ્ભજનમાંજ છે. એજ પ્રમાણે તેજસ્વી વસ્તુઓમાં એજ ન્યાય દૃષ્ટિએ થાય છે. દાખલા તરીકે આધિદૈવિક ગંગાજી જેમાંથી તિરોહિત ન થયાં હોય એવા ગંગાસ્નાનથી પાપ જાય છે, અગ્નિ પણ દાહ કરવામાં વિચાર કરતો નથી. તેટલા માટે જે અન્યધર્મોમાં ધર્મપણું હોય તો ઇષ્ટરૂપ ભગવત્ પ્રાપ્તિ પણ થાય જ. પણ વસ્તુતઃ તેમ થતું નથી, તેથી તેવા ધર્મોમાં 'ધર્મ' શબ્દનો પ્રયોગ ગૌણ છે. 'हि' આ અર્થ બરાબર છે એમ સૂચવે છે. સર્વના આત્મારૂપ ભગવાનનું જ સેવન એજ આત્મધર્મ છે. ભગવાન્ વિના અન્યના સંબંધથી રહિત થઇને ભગવાનનું ભજન કરવું, એજ ધર્મ છે, એમ ભગવાને જ શ્રીમુખે કહ્યું છે. **भक्त्या त्वनन्यया गाह्यः** (અર્થ—અનન્ય ભક્તિથીજ હું મળું છું.) તથા **अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।** ગીતા ૮—૨૨ અર્થ:—અનન્ય થઇને જે જનો મારું ચિંતન કરતાં કરતાં સર્વભાવથી ઉપાસના કરે છે.

ઇત્યાદિ વાક્યો એમ બતાવે છે કે ભક્તોને ભગવદ્ભજનજ સ્વધર્મ છે. માટે સ્વધર્મપણાથી ભગવાન્ જ સેવ્ય છે, તેથી અન્યધર્મમાં મનનો અભિનિવેશ થવા દેવો નહિ. (૧)

એ પ્રમાણે ધર્મનું સ્વરૂપ કહીને અર્થનું સ્વરૂપ કહે છે;

मूलम्.

एवं सदा स्मकर्तव्यं स्वयमेव करिष्यति।
प्रभु सर्व समर्थो हि ततोनिश्चिंततांव्रजेत् ॥२ ॥

सान्वय पदार्थः—**प्रभु** (प्रभु) **हि** (निश्चय) **सर्व समर्थ** (सर्व समर्थ अथवा सर्वरूप अने सुंदर अर्थरूप) **सदा** (निरंतर) **कर्तव्यम्** (कर्तव्य) **स्म** (प्रसिद्ध छे). **स्वयम्** (पोतेज) **एव** (ज) **करिष्यति** (करशे) **ततः** (तेथी) **निश्चिन्तताम्** (निश्चन्तपणुं) **व्रजेत्** (धारण करवुं.)

अर्थः—એ प्रमाणे प्रभु सर्वरूप अने सम्यक् अर्थरूप होइने पोतानुं कर्तव्य करशे ज; माटे निश्चिन्तना धारण करवी.

विवरणः—જેમ आगळ निरूपण थाय छे तेम सदा स्वकर्तव्य प्रभुज करशे.

प्रभु भक्तोना स्वामी छे अने सर्वरूप छे, तेमज सारीरीते अर्थरूप छे, तेटला माटे पोतेज करशे तेथी निश्चिंतता धारण करवी 'स्म' शब्दथी प्रसिद्धि सूचवाय छे. એटले के એवुं એवुं कर्तव्य प्रभु करेछे ज. अर्थनुं सदा रक्षण करवामां आवे छे माटे तेनां स्वरूपनुं भगवान् रक्षण करे छे. प्रभु सर्व समर्थ छे तेथी पोतानुं जे कर्तव्य रक्षणादि ते प्रभुज करशे. એवुं मनमां धारी निश्चिन्त थवुं. जेवी रीते अर्थ जड होवाथी आपणे पोते तेनुं रक्षण करीએ छीએ, तेवीज रीते गोप्य अंश जे भाव तेनां रूपनुं भगवान् पोतेज रक्षण करशे तेथी पोते निश्चिन्त थवुं.

ते कारणथी श्रीमदाचार्यजीએ 'नवरत्न'मां आज्ञा करी छे के **चिन्ता कापि न कार्या** चिन्ता कोई पण न करवी. जेम अर्थनुं सारी रीते गोपन करवाथीज चिन्ता निवृत्त थाय छे, तेम आ विषयमां अर्थरूप भावने बहिर्मुख जनोथी भगवान् पोतेज रक्षण करशे, એम बताववा माटे '**निश्चिन्ततां व्रजेत्**' એम सिद्धवत् कहेलुं छे. जेम अर्थनुं गोपन सर्वथी कराय छे तेम आ भावनुं

અતિ ગોપ્યપણું કહ્યું છે. અથવા પ્રભુ સર્વ સમર્થ છે, તેથી સ્વયં પોતાનું કર્તવ્ય કરશે, એમ સર્વદા જાણી નિશ્ચિન્ત થવું. જેમ અર્થથી સર્વ સામગ્રી આદિ થાય છે, તેમ અત્ર પ્રભુ સ્વભોગ યોગ્ય દેહ યૌવન આદિ સામગ્રીનું સંપાદન રૂપ જે કર્તવ્ય તે સ્વયં કરશે કારણ કે 'સર્વ' પદથી સર્વ ભક્તોનો સારો અર્થ તે જ છે, તેથી સદા એમજ થશે. આજ અર્થનું પ્રતિપાદન રસાબ્ધિ સુધાકર રસ સર્વસ્વ ગ્રંથમાં શ્રીમત્ પ્રભુ ચરણે પ્રતિપાદન કર્યું છે:—

विनैव समयक्रमं सखि तदा यदासीदति-
स्फुटं नवलयौवनं त्रिदशमोहिनी मोहनम् ।
तदङ्गगुणो नतव्रतकृतोऽअन्यदीयोंपि वा
विचित्ररस भावितगिय कटाक्षगोऽयं परम् ॥ २२० ॥
वय एव यदीदृशं तदीयं किमुवाच्यं सखि विग्रहाद्यशेषम् ।
रसरूपमतीन्दिरादुरापं रसमापूर्यदुदारतो रसाब्धेः ॥ २२१ ॥

અર્થ:—હે સખિ! સમયક્રમ વિનાજ દેવતાઓની સ્ત્રીઓને મોહાવે તેવું નવલયૌવન જે અતિસ્ફુટ પ્રકટ થયું, તે તેઓના અંગનો ગુણ નહિ તેમજ તેમણે કરેલ વ્રતનો પણ નહિ, તેમજ બીજી કોઈ વસ્તુનો નહિ. માત્ર વિચિત્ર રસથી ભાવિત શ્રીમત્ પ્રભુના કટાક્ષને લીધેજ આ હતું. તેઓનું જ્યારે વયજ આવું પ્રકટ થયું ત્યારે શ્રીઅંગ આદિનું તો શુંજ કહેવું? લક્ષ્મીજીને પણ દુર્લભ એવું આ સઘળું રસરૂપ અને ઉદાર રસસાગરમાંથી રસપૂરતું હતું.

આ અર્થ આધિદૈવિક છે તે અતિ દુર્લભ છે, ને અન્ય અર્થથી સાધી શકાય તેમ નથી. માત્ર ભગવાનજ સ્વીયજનોમાં તે સંપાદન કરે છે. તેથી ભગવાનજ અમારા અર્થરૂપ છે. તેજ સર્વ કરશે એમ જાણી, પહેલાં કહેલું સર્વાત્મભાવથી ભજન કરવું, તેથી પ્રભુ પણ સર્વ સમર્થ હોઈ તેમજ કરશે. અત્ર એમ શંકા ઉપસ્થિત થાય કે એ પ્રકારનું સંપાદન તો વ્રજવર કુમારિકાઓમાં સંભવે છે, કારણકે તેઓજ યોગ્ય છે, અન્ય યોગ્ય નથી. તો આ પ્રકારનું બોધન કેમ થઈ શકે? તો એ શંકાના નિરાસમાં એમ

કહેવાનું કે, તે સત્ય છે. જીવો તેને સારૂ અયોગ્ય છે, પણ જો સર્વાત્મભાવથી ભજન થાય તો ભગવદ્ અનુગ્રહથી તેમ થાય. ત્યારે ભગવાન્ પણ તેમ કરે. એટલા માટેજ પુષ્ટિમાર્ગાબ્જ માર્તંડ શ્રીમદાચાર્યજીએ ભ્રમરગીત વિવરણમાં આજ્ઞા કરી છે કે " તે અતિદુરાપ એટલે દુર્લભ હોવા છતાં તેની આશાથી ભગવાન્નું ભજનજ કરવું " જો તેની પ્રાપ્તિ નજ થતી હોય તો ' તેની આશાથી ' એમ ન કહેત. એજ પ્રમાણે શ્રીગોપીજનના પ્રેમકુમુદના બંધુ શ્રીમત્ પ્રભુચરણે વિદ્વન્મંડન તથા રસસર્વસ્વમાં આજ્ઞા કરી છે કે ' જો તે પ્રમાણે સર્વાત્મભાવથી ભજન કરે તો ભગવાન પણ અંગીકાર કરે છેજ. " રસસર્વસ્વનાં નીચેના પદ્યમાં અનુગ્રહથી સર્વ સંપાદન પ્રભુ કરે છે એમ સ્પષ્ટ થાય છે.

यद्वानज्ञमुनीनपि प्रियतमान् कृत्वात्र भृंगांगनाः
संगे स्थापयति स्ववक्त्रमधुना चाप्यायन्त्युन्मदाः ।
तेनाहं सखि लक्षये त्रिभुवने यस्मिन् महानुग्रहः
तस्मिन् घोषनितम्बिनीत्वमचिरात् कर्ता प्रियः प्रायशः ॥६९॥

અર્થ:—આ સ્થલે જે ગાનને જાણવાવાળા પ્રિયતમ મુનિઓને પણ ભ્રમરની સ્ત્રીઓ બનાવીને ભગવાન્ પોતાની સંગમાં સ્થાપે છે અને તેઓ ઉન્મદ થઈને પ્રભુના શ્રીમુખને રસલીન કરે છે. તેથી હે સખિ! હું ધારૂં છું કે ત્રિભુવનમાં જેના ઉપર મહાન્ અનુગ્રહ છે તેને પ્રિયઘોષ નિતમ્બિની ઘણુંકરીને થોડા કાળમાં બનાવશે.

પ્રભુના અનુગ્રહથી તેમ થાયજ. તેથીજ શ્રીપ્રભુએ પણ **ये यथामाम् प्रपद्यन्ते** એવું પ્રતિજ્ઞા વાકય ડિંડિમનાદથી કહ્યું છે.

અથવા પોતાનું જે કર્તવ્ય વ્રજસુંદરીઓનું ભજન એ પ્રભુ સ્વતઃજ કરશે **'स्म'** પ્રસિદ્ધિ સૂચવે છે. કારણ કે પ્રભુએજ કહ્યું છે કે **'अहंभक्त पराधीनो ह्यस्वतंत्र इवद्विज,'** અર્થ:—હે બ્રાહ્મણ! હું પરતંત્ર જેવો ભક્તને અધીન છું. ભક્તાધીન ભગવાન હોવાથી ભક્તના મનના અભિપ્રાય પ્રભુ પૂરશેજ, એમ સ્વતઃસિદ્ધ થાય છે. **'हि'** શબ્દ અર્થની યોગ્યતા બતાવે છે. જ્યારે **संत्यज्य सर्वविषयां स्तवपादमूलम्** (સર્વ વિષયોનો વાસના સહિત ત્યાગ

કરીને આપના ચરણકમલમાં આવ્યા છીએ) એ પ્રમાણે જે સર્વ વિષયોનો ત્યાગ કરે છે, તેના મનોરથો પણ ભગવાનજ પૂર્ણ કરે છે. એથીજ ભગવાનેજ કહ્યું છે કે **ये त्यक्तलोकधर्मा मदर्थे तान् बिभर्म्यहम्** અર્થ:—જેઓએ મારે માટે લોક ધર્મોનો ત્યાગ કર્યો છે, તેઓને હું ધારણ કરી રાખું છું. ' ભરણ કરૂં છું ' અથવા 'ધારણ કરૂં છું' એ વાકયથી એમ સિદ્ધ થાય છે કે જેમ તેઓને પોતાની લીલાનું દર્શન થાય તે પ્રમાણે કરીને સ્વરૂપાત્મક લીલામાં પોતામાંજ સ્થાપન કરે છે. જેમ અર્થ હોય તો અભિલાષની પૂર્તિ થાય છે, નહિં તો, જલતરંગની માફક ઉત્પન્ન થાય છે પણ પૂર્તિ થાય નહિં, તેમજ અત્ર શ્રીમત્ પ્રભુચરણના સેવનથીજ ભક્ત મનોરથની પૂર્તિ થાય છે. માટે ભકતોને તો અર્થરૂપ ભગવાનજ સેવવા યોગ્ય છે. જેમ અર્થ વિના લૌકિક રમણ તેમ ભોગ સંભવતાં નથી, તેમજ અત્ર આધિદૈવિક લક્ષ્મીજીના પ્રવેશ વિના ભગવદ્ રમણ અને ભોગ પણ સંભવતાં નથી. એ સંપત્તિ પણ સેવાથી સંતુષ્ટ ભગવાન પોતાનામાં કરશેજ, અનુગ્રહથી તેની પ્રાપ્તિ થાય છે. તેથી ભગવદ્ રમણ અને ભોગ સંભવે છે, ભગવાનજ જેનુ શરણ છે એવાં આધિદૈવિક લક્ષ્મીજી પણ ભગવદાજ્ઞાથી પ્રાપ્ત થાય છે. માટે ભગવાન જ અર્થરૂપ છે. તેથી શ્રીમદાચાર્યજીએ ફલપ્રકરણમાં નિરૂપણ કરેલું છે કે 'ભગવદ્ આજ્ઞાથી લક્ષ્મીજી (આધિદૈવિક) સર્વત્ર એટલે સર્વ વ્રજભકતોમાં પ્રવિષ્ટ થયાં. આ અર્થ ગોપ્ય હોવાથી 'સર્વ સમર્થ' એ પદથી ગુપ્તપણે પરોક્ષથી શ્રીપ્રભુચરણે સૂચવ્યું છે. માટે વિસ્તારની આવશ્યકતા નથી. શ્રીપ્રભુનાં ચરણકમળના મકરંદના પાનથી મત્ત થએલાંઓને શ્રીપ્રભુના શ્રીમુખચંદ્રના ઉદયથી, વિચિત્ર ભાવ પ્રગટ થશે. ॥ ૨ ॥

એ પ્રમાણે અર્થ સ્વરૂપ કહીને કામ સ્વરૂપ કહે છે:—

મૂલમ્.

यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि ।
ततः किमपरं ब्रूहि लोकिकैर्वैदिकैरपि ॥ ३ ॥

सान्वय पदार्थः—यदि (જો) श्रीगोकुलाधीशः (શ્રીગોકુલપતિ) हृदि (હૃદયમાં) सर्वात्मना (સર્વાત્મભાવથી) धृतः (ધારણ થાય) (તો) ततः (પછી, તેના કરતાં) लौकिकैः (લૌકિકથી) वैदिकैः (વૈદિકથી) अपि (પણ) अपरम् (બીજું) किम् (શું) (તે) ब्रूहि (કહે.)

અર્થ:—જો સર્વાત્મભાવથી શ્રીગોકુલના અધીશને હૃદયમાં ધારણ કરવામાં આવે તો પછી લૌકિક અને વૈદિકથી શું બીજું છે? એ કહે.

વિવેચન:—જો શ્રીગોકુલાધીશ સર્વાત્મથી હૃદયમાં ધારણ કરાય તો લોક સંબંધી સુખથી તેમજ વેદોક્ત કર્મથી ઉત્પન્ન થયેલ સ્વર્ગાદિ સુખથી બીજું શું ? કાંઈ નહિં. તુંજ કહે એટલે તારા મનને આજ્ઞા કરીને કહે.

' **यदि** ' એટલે 'જો' એ શબ્દથી એમ સૂચન થાય છે કે કોઇજ પરમ ભાગવત પૂરા પુણ્યવાળા અધિકારી જીવનેજ આવો ભાવ થાય છે. તેથી દુર્લભપણું બતાવ્યું. ' ગોકુલાધીશ ' નામથી ભગવાનનું યતિપણું જણાવાય છે તેથીજ ઇંદ્રાદિએ ગોકુલના પતિપણાથીજ ભગવાનનો અભિષેક કર્યો. તેમાં ભગવાનની મનોવૃત્તિનું જ્ઞાન ઇંદ્રને હતું. શ્રીમદ્‌ભાગવતમાં એમજ કહ્યું છે:—

इति गो गोकुल पतिं गोविंदंमभिषिच्य च ।

અર્થ:—એ પ્રમાણે ગાયો અને ગોકુલના પતિ ગોવિંદનો અભીષેક કરીને.

અત્ર ' ગાયો ' અને ' ગોકુલ ' એમ કહેવાથી ગોપો અને ગોપીજનોનો તેમાં સમાવેશ થાય છે. તેથી તેઓના અધીશ અતિ રસિક અને પ્રેમરસજ્ઞ છે. જો તેમ ન હોય તો પૂર્ણ પુરૂષોત્તમ પશુતુલ્ય ગોપોનું અધીશપણું કેમ અંગીકાર કરે ? ગોપ ગોપીઓનો તો કેવલ પ્રેમથીજ અંગીકાર કર્યો છે. હરિને યોગ્ય સ્વરૂપભાવથી હૃદયમાં પધરાવાય તો ત્યારે તે પ્રમાણે અંગીકાર કરેજ, એમ ' **गोकुलाधीश** ' પદથી દ્યોતન થાય છે. **सर्वात्मना** એટલે સર્વાત્મ ભાવથી અત્ર ' સર્વાત્મ ' પદ ' કામ ' પર છે આ કામ પણ આધિ-

દૈવિક છે તેમાં લૌકિકની ગંધ પણ નથી. વ્રજના ભાગ્યરૂપ ગોપીજનો નો સર્વાત્મભાવ કામ ભાવાત્મક હતો. તેથી ' **गोप्यः कामात्** ' ગોપીજનો કામથી પામ્યા ' એમ ફલપ્રકરણમાં કહ્યું છે. શ્રીમદાચાર્યજી પ્રકટિત પુષ્ટિમાર્ગમાં તેવા સર્વાત્મભાવની પ્રાપ્તિનો ઉપદેશ થાય છે. શ્રીગોપીજનોજ આ માર્ગમાં ગુરૂઓ છે એમ સંન્યાસ નિર્ણયમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે.

कौण्डिन्यो गोपिका प्रोक्ताः गुरवः साधनं च तत् ।

અર્થ:—કૌન્ડિન્ય ઋષિ તથા ગોપિકા ગુરૂઓ છે અને ભાવનાથી સિદ્ધ ભાવ એજ સાધન છે. તેથી ' સર્વાત્મથી ' એટલે 'આધિદૈવિક કામ ભાવથી ' એમ અર્થ થાય છે. આ અર્થ અનધિકારીથી ગુપ્ત રાખવાને, અત્યંત ગોપ્ય હોવાથી, સ્પષ્ટ કહેવામાં આવતો નથી. એ પ્રકારે **જો** સ્વયં હૃદયમાં ધારણ થાય તો લૌકિક વૈદિકથી શું ? પોતે ધારણ કરવા એવો પ્રયોગ થયેલો છે. તેથી બલાત્કારથી પણ ધારણ કરવાના છે. રાસપંચાધ્યાયીમાં શ્રીપ્રભુએ પ્રથમ પરીક્ષાર્થ મર્યાદા ધારણ કરી, ત્યારે **मैवं विभोर्हति भवान् गदितुं नृशंसं संत्यज्य सर्व विषयां स्तवपादमूलम् । प्राप्ता भजस्व दुरवग्रह मा त्यजास्मान्, देवो यथादिपुरुषो भजते मुमुक्षून्** (અથ:—હે સર્વ સમર્થ, એ પ્રમાણે દયારહિત બોલવું આપને ઘટતું નથી. અમે સર્વ વિષયોનો વાસનાસહિત ત્યાગ કરીને આપના પાદમૂલમાં પ્રાપ્ત થયા છીએ, માટે હે દુષ્ટ આગ્રહવાળા ? અમારો ત્યાગ કરો મા જેવી રીતે આદિપુરૂષ મુમુક્ષુને ભજે છે તેમ આપ અમને ભજો.

આ પ્રકારના દશ શ્લોકથી પ્રભુ પાસે શ્રીગોપીજનોએ પુષ્ટિ અંગીકાર કરાવી અને પોતે ધર્મીસ્વરૂપને બળાત્કારથી હૃદયમાં ધારણ કર્યું, આ પ્રકારે જો શ્રીગોકુલેશ પ્રભુને હૃદયમાં સ્થાપન કરવામાં આવે તો, લૌકિક પતિ તથા વૈદિક સ્વર્ગાદિ અથવા પુત્રોથી શું ? કંઈજ નહિં. એટલા માટેજ શ્રીવ્રજનાથના પ્રાણવલ્લભાઓએ ' **संत्यज्य सर्व विषयान्** ' એ શ્લોકમાં લૌકિક વૈદિકનો ત્યાગ જણાવ્યો છે. અંતિમ શ્લોકમાં શ્રીગોપીજનોએ પ્રાર્થના કરી છે કે:—

व्यक्तं भवान् व्रजभयार्तिहरोऽभिजातो
देवो यथादि पुरुषः सुरलोकगोप्ता ।
तन्नो निधेहि कर पंकज मार्तबन्धो
तप्तस्तनेषु च शिरस्सु च किंकरीणाम् ॥

ભાવાર્થ:—શ્રીગોપીજનો પ્રાર્થના કરે છે કે સ્વાવતારનું પ્રયોજન વિચારી અમારા ઉપર આપે કૃપા કરવી ઘટે છે. અવતારનું પ્રયોજન કહે છે કે આપ વ્રજનાં ભય અને આર્તિ હરવા માટે પ્રકટ થયા છો. જો તેમ ન હોય તો સાક્ષાત્ ભગવાનના અવતારનું પ્રયોજન રહેતું નથી. ભૂમિનો ભાર તો સંકર્ષણાંશથી પણ થઈ શકે. વસુદેવ દેવકીજીનું પ્રિય પ્રદ્યુમ્નથી પણ થાય છે. ધર્મરક્ષા કરવી હોય તો અનિરૂદ્ધથી પણ થઈ શકે છે. જો વ્રજના ભય અને આર્તિનું નિવારણ ન થાય તો આ અવતારનું પ્રયોજન રહેતું નથી. માટે આપ વ્રજની આર્તિના નિવારણ માટેજ પ્રાદુર્ભૂત થયા છો. અમારા જવાથી સર્વ વ્રજને આર્તિ થશે. મર્યાદાથી તેની નિવૃત્તિ કરવી ઉચિત નથી, કારણ કે તેથી કામશાન્તિ અથવા જ્ઞાનજ થાય માટે જેમ આદિપુરૂષ એટલે ભગવાન્ સર્વસમ હોવા છતાં ઇંદ્રાદિ ઉપર કૃપા કરી દૈત્યોને મારી વિષમતા અંગીકાર કરે છે. પણ દેવોને જ્ઞાન આપતા નથી, તેમ આપ પણ કરો. જ્યાં સ્વરૂપ અન્યથા થાય ત્યાં વાણી અન્યથા કરો તેમાં શું આશ્ચર્ય ? માટે જેમ આદિપુરૂષ દેવલોકનું રક્ષણકરે છે, તેમ આપ પણ ધર્મમર્યાદા રક્ષક હોઇ અમારો સમ્બન્ધ કરો પ્રથમ અમારા શિર ઉપર શ્રીહસ્ત સ્થાપો, જેથી અમને અભય થાય ત્યારપછી હૃદયતાપની નિવૃત્તિ અર્થે સ્તન ઉપર અમૃતસ્રાવિ, તાપ વિનાશક કરકમળ ધરો.

ભગવાને પણ શ્રીગોપીજનોની પ્રાર્થના પ્રમાણે તેમનો અંગીકાર કર્યો, તેથી એમ જણાય છે કે, એજ ભાવનું પ્રાબલ્ય છે. માટે તેના કરતાં અન્ય કંઈ નથી જો તું જાણતો હો કે બીજું કંઈ હોય તો કહે.

અથવા ' ગોકુલાધીશ ' પદમાં ' ગો ' પદ ઇંદ્રિયને બતાવ-

નાર છે. તેથી ઇંદ્રિયકુલના પ્રભુ સર્વાત્મભાવથી હૃદયમાં એટલે સર્વ ઇંદ્રિયોના અધિષ્ઠાતામાં જો ધારણ કરવામાં આવે તો લૌકિકપતિ એથી શું છે ? કંઇજ નહિં. આ સ્થલે આ ભાવ છે. જ્યારે ભગવાનને હૃદયમાં ધારણ કરવામાં આવે ત્યારે સર્વ ઇંદ્રિયો ભગવત્પર થાય છે, ત્યારેજ જન્મ અને ઇંદ્રિયોનું સાફલ્ય છે. આજ આશયથી **अक्षण्वतां फल मिदं न परं विदामः** (અર્થ:—ઇંદ્રિયોવાળાનું તો ભગવાનજ ફળ છે મોક્ષને ફળ તરીકે અમે સમજતા નથી). એ પદ્યમાં ઇંદ્રિયોનું સાફલ્ય કેમ થાય એ શ્રીમદાચાર્યજીએ બહુ સુંદર રીતે સમજાવ્યું છે. શ્રીમદુદ્ધવજીએ પણ શ્રીગોપીજનોની પ્રશંસા કરતાં કહ્યું છે કે:—

एता परं तनुभृतो ननु गोप वध्वो ।
गोविन्द एव निखिलात्मनिरूढ भावाः ।
वाञ्छन्ति यद् भवभियो मुनयो वयंच ।
किं ब्रह्मजन्मभिरनन्त कथारसस्य ॥

ભાવાર્થ:—એ ગોપવધૂઓ અતિશયપણે શરીરને ધારણ કરવાવાળા છે. આથી બીજાઓ શરીરને ધારણ કરે છે પણ તેનું સાફલ્ય પૂર્ણપણે થતું નથી એમ સ્પષ્ટ થાય છે. તેમાં કારણ શુ ? એમ પૂછવામાં આવે, ત્યારે કારણ કહે છે કે ગોવિન્દમાં જ જેનો નિરૂઢ ભાવ છે, બીજા સ્વરૂપોમાં નહિં. નિરૂઢ એટલે કહી ન શકાય તેવો. રૂઢ શબ્દની વ્યુત્પત્તિ કરી ન શકાય એ વ્યાકરણ શાસ્ત્રની મર્યાદા છે. ' ગોવિન્દ ' શબ્દથી ગાયો અને ગોકુલના ઇન્દ્ર ભગવાન છે. એ રૂપે ધર્મી માત્રપરતા ગોપવધૂઓની બતાવી. ત્યાં શંકા થાય કે મહર્ષિઓ પણ અનન્ય ભાવયુક્ત ભક્ત છે અને ધર્મીપર છે, તો તે અતિશયપણે તનુધારી કેમ ન કહેવાય ? ત્યાં કહે છે કે ગોપવધૂઓનો ભાવ અન્યધર્મી અને ધર્મોના આત્મા મૂળરૂપ ધર્મીમાં છે. અને મૂળ ધર્મીપણું તો શ્રીયશોદાનન્દન શ્રીકૃષ્ણમાંજ છે. બીજા ભક્તો ધર્મીપર ખરા, પણ નિખિલના આત્મારૂપ શ્રીકૃષ્ણરૂપ ધર્મીપર નહિં. એઓના ભાવની સ્તુતિ શામાટે થાય છે ? લોક તો ભિન્ન

ભિન્ન રૂચિના છે, જે ભાવ કે સ્વરૂપ રુચે તેનેજ ઉત્કૃષ્ટ ગણે છે. ત્યાં કહે છે કે મુનિઓ કે જેની અવિદ્યા નિવૃત્ત થઈ છે, તેવા શુકાદિ જ્ઞાનીઓ જે કારણથી તે ભાવને ઈચ્છે છે. એટલા માટે જેની અનન્ત કથા છે, એવા શ્રીકૃષ્ણમાં જેનો ભાવ છે તેને બ્રહ્મજન્મ એટલે સહસ્રમુખ કે ચતુર્મુખ જન્મથી શું ? કંઈ નહિં. અથવા તેઓના મનમાં અક્ષરબ્રહ્મનું સ્વરૂપ અપ્રયોજક છે. અનન્ત કથા જેની છે એવા શ્રીકૃષ્ણમાં જેને રસ લાગ્યો છે તેનું ફળ શું ? બ્રહ્મ ? અક્ષરબ્રહ્મ છે ? ના. તેઓને તો જન્મજ ઉત્તમ છે, મુક્તિ પણ નહિં કારણ કે જન્મથી સર્વ ઇંદ્રિયોથી ભજનાનન્દરૂપ ફળ ભોગવાય છે.

આ પ્રમાણે શ્રીગોપીજનના ભાવદર્શનથી અન્ય જન્મનું વૈફલ્ય શ્રીઉદ્ધવને લાગ્યું. જો પ્રભુને એ પ્રમાણે હૃદયમાં ધારવામાં આવે તો લૌકિકપતિઓથી શું થવાનું છે ? કંઇજ નહિં. વૈદિક એ શબ્દને પતિનું વિશેષણ લઈ શકાય. એટલે તેનો અર્થ એમ લેવો કે વેદોક્ત પતિઓથી પણ શું ? વેદમાં પતિભજનથી મોક્ષફળ કહ્યું છે. તેથીતો પ્રભુ તરફથી મળેલી ઇંદ્રિયોની સફલતા થતી નથી. તેથીજ શ્રીમદાચાર્યજીએ કહ્યું છે કે " આજ ઇંદ્રિયોવાળાનું ફળ છે મોક્ષ પણ નથી." જેવી રીતે અંધકારમાં આંખની સ્થિતિ નિયત હોતી નથી, તેવીજ રીતે મોક્ષમાં ઇંદ્રિયોયુક્ત દેહીની સ્થિતિ અનિયત છે." તેટલા માટે એથી શું ? એમ પૂર્વપક્ષીને પૂછવામાં આવે છે. જો તું બીજું કંઈ જાણતો હોતો કહે. અત્ર એમ શંકા કરવામાં આવે કે, જ્યારે ભગવાનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યારે લૌકિકમાંજ સંબંધ હોય છે, તેથી કામના પ્રબળને લીધે લૌકિકવિષયમાં મન રાખે ત્યારે કરેલું પણ નહિંવત્ થઈ જાય, તેથી વેદને અનુસરીને સર્વ કરવું વધારે ઉચિત છે. ત્યાં ઉત્તર આપે છે કે જેનું ભગવાનમાં મન નિવિષ્ટ થયું છે તેનો અન્યત્ર એટલે બીજે સ્થળે કામ કે અભિલાષ સંભવતોજ નથી, એવું શ્રીનંદરાજકુમારેજ કહ્યું છે.

नमय्या वेशित धिया कामः कामाय कल्पते ।

અર્થ:—મારામાં જેની ઇંદ્રિયોની વૃત્તિ લાગેલી છે તેને કામ લૌકિક કામને માટે કલ્પાતો નથી.

અથવા લૌકિક દૃશ્યાદિ (દેખાવાપણું) ગુણોથી સર્વાત્મભાવરૂપ કામભાવથી, વૈદિક એટલે શ્રીશ્રુતિરૂપ વ્રજમંડનાઓએ વર્ણવેલ **चूतप्रवाल बर्हस्तवकोत्पलाब्जैः** એ શ્લોકમાં નિરૂપિત ધર્મોયુક્ત શ્રીગોકુલેશ પ્રભુને હૃદયમાં સ્થાપવામાં આવે તો બીજું શું જોઇએ? કંઈજ નહિં. એ પ્રકારે સર્વાત્મભાવરૂપ કામભાવથી પ્રભુનેજ સેવવા. ॥૩॥

એ પ્રકારે કામસ્વરૂપ કહીને મોક્ષસ્વરૂપનું નિરૂપણ કરેછે.

मूलम्.

अतः सर्वात्मना शश्वद्गोकुलेश्वर पादयोः ।
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः ॥४॥

इति श्रीवल्लभाचार्य प्रणीता श्रीचतुश्लोकी समाप्ता.

सान्वय पदार्थः—**अतः** (એટલા માટે) **गोकुलेश्वरपादयोः** (ગોકુલેશ્વરના ચરણકમલ દ્વયનું) **शश्वत्** (સર્વદા) **सर्वात्मना** (સર્વાત્મથી) **स्मरणम्** (સ્મરણ) **च अपि** (તેમજ) **भजनम्** (ભજન) **त्याज्यम्** (તજવું) **न** [નહિ] **इति** (એ પ્રકારે) **मे** [મારી] **मतिः** [મતિ] છે.

અર્થ:—તેથી સર્વાત્મભાવે નિત્ય શ્રીગોકુલેશ્વરના ચરણકમલનું સ્મરણ તેમજ ભજન ન તજવું એવી મારી મતિ છે.

વિવેચનઃ—સર્વાત્મભાવરૂપ કામ ભાવાત્મક ભક્તિ પછી પુનઃ સર્વભાવથી નિરંતર શ્રીગોકુલેશ્વરના ચરણકમલનું સ્મરણ તેમજ ભજન ન છોડવું એવી મારી મતિ છે, એવો સમુદિતાર્થ છે. આ સ્થલે આમ આશય છે. કામભાવથી ભગવત્ સંબંધ થયા પછી, તે સંબંધનો સ્વભાવ એવો છે કે પ્રભુની સાથે તુલ્યતાનું ભાન કરાવે. અને તેથી જે મદ થાય તેનાથી અન્યથા ભાવ થાય ત્યારે માનાદિ થાય. માનભાવથી દોષભાવવડે તે ભાવમાંથી ચ્યુતિ (પડવું) થાય, તેટલા માટે સર્વાત્મભાવથી જ ભજન કરવું. ‘ **शश्वत्** ’ ‘ નિરંતર ’ એવા પ્રયોગથી એમ દર્શાવવામાં આવે છે કે એકક્ષણ બીજી રીતે કરવાથી સર્વથા આસુરાવેશ થઈ જાય છે. શ્રીગોકુલેશ્વર નામ ધર્યું છે, તેથી એવું સૂચન થાય છે કે જેમ વ્રજભક્તોની સર્વભાવ પ્ર-

ભક્તિથી સંતુષ્ટ થઇને ચતુરતા આદિથી રહિત એવા વ્રજજનોનું ભજવાને સ્વામિપણું અંગીકાર કર્યું, તેમ અત્ર પણ કરશે. પાદદ્વય એટલે ચરણકમલનું યુગલ એવા પ્રયોગથી શ્રીસ્વામિનીજીના ચરણ કમલ પણ સાથેજ છે એમ ધ્વનિત થાય છે. **'સ્મરણ'** એ મનનો ધર્મ છે તેથી વિપ્રયોગ સમયે ચિત્તમાં ભગવાન્‌નું સ્મરણ કરવું એમ બતાવ્યું. ભજન એટલે સેવા એ પણ નિરંતર કરવી. અત્ર **ચકાર** ધર્યો છે તે એમ સૂચવે છે કે ચિત્તપૂર્વકજ ભજન કરવું. **' અપિ '** શબ્દથી એમ દ્યોતન થાય છે કે ભગવાન્ ભજન કરે કે ન કરે પણ આપણે તો ભગવાન્‌નું ભજન જ કરવું. એવા આશયથી શ્રીગોકુલાધીશની રતિમાર્ગ કમલના સૂર્યરૂપ શ્રીમત્પ્રભુચરણે કહ્યું છે કે:—

मारणे वरणे वापि दासीनां नोमभुर्गतिः ।

અર્થ:—મારે કે અંગીકાર કરે પણ અમો દાસીઓનું તો એકજ શરણ છે.

આજ અર્થ **' न त्याज्यम् '** આપણે ત્યાગ ન કરવો એવા પ્રયોગથી સ્પષ્ટ થાય છે.

' मे मति ' ' મારી મતિ છે ' એમ કહેવાથી પોતાનો અનુભવ બતાવ્યો છે. ભક્તિમાર્ગમાં ભક્તિજ પરમ પુરૂષાર્થ છે. મોક્ષથી અધિકપણું ભક્તિનું સિદ્ધ છે. તેથી પુષ્ટિમાર્ગમાં ભજન જ મોક્ષછે માટે ભજનનું જ અત્ર નિરૂપણ છે. ભક્તિનું મોક્ષ કરતાં અધિકપણું, શ્રી ભાગવતમાં અનેક સ્થળે નિરૂપણ કર્યું છે. દાખલા તરીકે: શ્રીકપિલદેવજીએ સ્વમાતા પ્રતિ કહ્યું છે કે:—

सालोक्य सार्ष्टि सामीप्य सारूप्यैकत्वमप्युत ।
दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥ भा. स्कंध ३-२९-१२

અર્થ:—સાલોકય સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને એકતા પણ મારા ભકતો મારા સેવન વિના, દેવા છતાં ગ્રહણ કરતા નથી.

स्वर्गापवर्गे नरकेष्वपि तुल्यार्थदर्शिनः ।

અર્થ:— મારા ભકતો સ્વર્ગ મોક્ષ અને નરકમાં તુલ્ય દૃષ્ટિવાળા હોય છે.

શ્રીરાસપંચાધ્યાયીમાં શ્રીગોપીજનો ભગવાન્ પ્રતિ કહે છે કે:—

वीक्ष्यालकावृतमुखं तव कुण्डलश्रि ।
गण्डस्थलाधरसुधं हसितावलोकं ॥
दत्ताभयं च भुजदण्डयुगं विलोक्य ।
वक्षः श्रियैकरमणं च भवाम दास्य. ॥

અર્થ:—હે નાથ ! આપનું કેશથી આવૃત, કુંડલથી શોભતું ગણ્ડસ્થલ યુક્ત અધર સુધાથી ભરેલું અને હાસપૂર્વક અવલોકનવાળું શ્રીમુખ જોઇને [ઇંદ્રાદિને] અભય જેનાથી અપાયું છે એ ભુજયુગલ જોઈ, લક્ષ્મીજીનુ રમણસ્થાન વક્ષ: જોઈ, અમે દાસી થવાની ઇચ્છા રાખીએ છીએ.

આ ઉપરથી મોક્ષ કરતાં ભક્તિની ઉત્કૃષ્ટતા સિદ્ધ થાય છે એવા મોક્ષ કરતાં અધિક પુરૂષાર્થ માટેજ કરવી. આ શ્લોકમાં મોક્ષનું નિરૂપણ કરતી વખતે ' ભજનનો ત્યાગ ન કરવો ' એમ ભક્તકૃત ત્યાગનો નિષેધ કરવાથી એમ જણાય છે કે પૂર્વે કહેલા ધર્મ, અર્થ અને કામથી ભગવાન્ સ્વાધીન થતા નથી. આ પ્રકારના મોક્ષસ્વરૂપના નિરૂપણમાં શ્રીમદાચાર્યજીએ " એમ મારી મતિ છે. " એમ કહીને એવો ભાવ દર્શાવ્યો છે કે નિજજનોએ તો આજ પ્રમાણે કરવું. ૪

એ પ્રમાણે ગ્રંથ સમાપ્તિ પછી શ્રીબજરાયજી મહારાજ નીચે પ્રમાણે શ્લોકો લખી વિવરણ સમાપ્ત કરે છે.

એ પ્રમાણે શ્રીમદ્ગોકુલના અધીશ અને શ્રીવાકૃપતિના વદનકમલમાંથી પ્રકટ થયેલું, ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું અદ્ભુત સ્વરૂપ છે. ૧

તેઓશ્રીના ચરણકમલની કૃપાથી મેં તેની યથામતિ વિવૃત્તિ કરી તેથી શ્રીમદાચાર્યજી મને પોતાનો જાણી મારા ઉપર કૃપા કરો. ૨

જેઓશ્રીના ચરણકમલના મધુમાં ભ્રમરભાવ મુક્તિને પણ તુચ્છ કરે છે તે ચરણકમલ મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩

એ રીતે શ્રીમદ્વિઠ્ઠલેશ્વરના ચરણકમલની રેણુની આકાંક્ષાથી, મેં શ્રીમદાચાર્યજીએ ઉપદેશ કરેલ ચતુ:શ્લોકીની યથામતિ વિવૃત્તિ કરી. ૪

ઇતિશ્રી બજરાયજીકૃત ચતુ:શ્લોકીની ભાવરસ દીપિકા નામની
વિવૃત્તિનું ગુર્જર ભાષાન્તર સંપૂર્ણ.

નડીઆદ શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય ગ્રંથાવલી.

૧	સંન્યાસ નિર્ણય [શ્રી. ન. ગ્રં. મં. ૮ મું તરથી]			૦—૪—૦
૨	ભક્તિ રસ	,,	...	૦—૪—૦
૩—૪	બ્રહ્મસૂત્ર અને પંચપધાનિ...	,,	...	૦—૮—૦
૫	પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ...	,,	...	૦—૧૦—૦
૬	દુઃખ વિચાર પ્રકાર ...	,,	...	૦—૨—૦
૭	ઉપદેશ શંકા નિરાસ વાદ	,,	...	૦—૪—૦
૮	બ્રહ્મવાદ	,,	...	૦—૨—૦
૯	ભક્તિ વર્ધિની	,,	...	૦—૪—૦
૧૦	બ્રાહ્મમોક્ષ	,,	...	૦—૧૩—૦
૧૧	સિદ્ધાન્ત મુક્તાવલી ...	,,	...	૦—૧૦—૦
૧૨	સ્વાતંત્રય પ્રબોધ ...	,,	...	૦—૬—૦
૧૩	સિદ્ધાન્ત રહસ્ય... ...	,,	...	૦—૧૨—૦
૧૪	નિબંધ નૈષધિય... ...	,,	...	૦—૧૪—૦
૧૫	ભાષ્યરત્ન	,,	...	૦—૪—૦
૧૬	ભાગવતનું હાર્દ અને મધ્વ ટીકાનો (પુસ્તકાકાર નડીઆદથી) ...		...	૦—૧૨—૦
૧૭	પુષ્ટિમાર્ગિય તત્ત્વ દર્શન (ગુજરાતી) કાચું પૂંઠું			૦—૪—૦
	... ...		પાકું પૂંઠું	૦—૬—૦
૧૮	નિબંધ સંગ્રહ (ન. ગ્રં. મં. ૪ માંથી) ...			૦—૪—૦
19	Discuss how far Shankracharya truly represent the View of the author of the Brahma-sutra (Zala vedant prize Essay.) (૬ ઠા તરથી)			1—0—0
૨૦	શ્રૃંગાર રસમંડન (બાકુલાલ છગનલાલ રાંદેરીઆથી)			૨—૮—૦
૨૧	પ્રેમાનન્દ ભાષ્ય અને પરિશીલન (શ્રી બાલકૃષ્ણ ભાવસાર નડીઆદથી) ...			૦—૮—૦
૨૨	શ્રીસર્વોત્તમસ્તોત્ર સંસ્કૃત મે ટીકા સાથે (ગોકુલચાંદ સીરીઝ નડીઆદથી)			૦—૬—૦
૨૩—૨૪	શ્રીકૃષ્ણાશ્રય અને ચતુઃશ્લોકી (વલ્લભીય ગ્રંથ પ્રકાશક કંપનીમાંથી)			૦—૪—૦

ચોકનલાલ લલ્લુભાઈ શાહ.

મંત્રીશ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય,—નડીઆદ.